
Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી આત્માનંદ પ્રકાશ

પુસ્તક ૪૫ મું. સંવત ૨૦૦૩.

આત્મ સં. ૫૨

અંક ૨ જો. ભાદરવો : સપ્ટેમ્બર




વાર્ષિક લવાજમ રૂા. ૩-૧-૦ પોસ્ટેજ સહિત.

પ્રકાશક—

—: શ્રી જૈન આત્માનંદ સભા—ભાવનગર :—

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# અ નુ ક્ર મ ણિ કા.


૧ આઝાદ સ્વતંત્ર હિંદ ધ્વજ ... ... ... ... ... ... ... પા. ૧

૨ આ સભાએ આઝાદ સ્વતંત્ર હિંદ દેશ થયાની ખુશાલીમાં કરેલ કાયમ માટેનો યશસ્વી ઠરાવ

૩ ગુરૂદેવ આચાર્યશ્રી વિજયવલ્લભસૂરીશ્વરજી મહારાજ આનંદજનક સુખશાતાના સમાચારો

૪ સામાન્ય જિન સ્તવન ... ... ... મુનિમહારાજશ્રી દક્ષવિજયજી મહારાજ ૨૯

૫ ભૂલી જવું ... ... ... ... ... અનંતરાય જાદવજી શાહ ૨૯

૬ સાચી પવિત્રતા ... ... ... ... આચાર્યશ્રી વિજયકસ્તૂરસૂરિજી મહારાજ ૩૦

૭ સાધ્યની દૃષ્ટિએ સાધક નયાવતાર ... ... સં. મુનિ પુણ્યવિજયજી (સંવિજ્ઞપાક્ષિક) ૩૫

૮ શ્રી સિદ્ધસેનસૂરિજી કૃત ( બત્રીશ બત્રીશીઓ ) ... આચાર્યશ્રી વિજયપદ્મસૂરિજી મહારાજ ૩૭

૯ યાત્રાના નવાણું દિવસ ... ... ... ... મોહનલાલ દીપચંદ ચોકસી ૩૮

૧૦ ધર્મ કૌશલ્ય ... ... ... ... ... ... ... મૌક્તિક ૪૧

૧૧ વિશ્વશાન્તિનો સંદેશ ... ... ... ... ... ... ... ૪૫

૧૨ વર્તમાન સમાચાર–સાભાર સ્વીકાર ... ... ... ... ... સભા ૪૬–૪૮


## આ માસમાં નવા થયેલા માનવંતા સભાસદો.

| | | | | |
|---|---|---|---|---|
| ૧ | મુનિરાજશ્રી કનકવિજયજી શાસ્ત્ર સંગ્રહ | (૧) | લાઇફ મેમ્બર | મુંબઇ |
| ૨ | શાહ ચીમનલાલ દલીચંદ ખીમચંદ | (૧) | ,, | ધ્રાંગધ્રા |
| ૩ | શાહ લાલભાઇ ચીમનલાલ | (૧) | ,, | અમદાવાદ |
| ૪ | શાહ રમણીકલાલ નાગરદાસ | (૧) | ,, | મુંબઇ |
| ૫ | શાહ પોપટલાલ પુરૂષોત્તમદાસ | (૧) | ,, | ,, |
| ૬ | શ્રી વિજયદેવસૂર સંઘ જ્ઞાનભંડાર | (૧) | ,, | ,, |
| ૭ | શાહ સુમંતરાય ગુલાબચંદ | (૧) | ,, | ,, |
| ૮ | શ્રી એચ. જે. જૈન વાંચનાલય | (૧) | ,, | બાંખલી |
| ૯ | ઝવેરી ઉત્તમચંદ કેશરીચંદ સુરતવાલા | (૧) | ,, | બોરીવલી |
| ૧૦ | શાહ હસમુખલાલ મૂલચંદભાઇ | (૧) | ,, | અમદાવાદ |
| ૧૧ | સંઘવી ગુલાબચંદ મંગળજી | (૧) | ,, | કડી |
| ૧૨ | મહેતા અમૃતલાલ પ્રાણલાલ | (૧) | ,, | કલકત્તા |
| ૧૩ | બ્હેન મીઠાંબાઇ દેવજી ધનજી | (૧) | ,, | કચ્છગોધરા |
| ૧૪ | શાહ ગીરધરલાલ ખીમચંદ | (૧) | ,, | ભાવનગર |
| ૧૫ | શાહ પ્રેમચંદ મોતીચંદ | (૧) | ,, | ,, |
| ૧૬ | શાહ મોહનલાલ મગનલાલ | (૨) | ,, | ,, |

## હવે પછી થનારા નવા પ્રથમ વર્ગના લાઇફ મેમ્બરોને સૂચના.


આસો વદી ૩૦ સુધીમાં રૂા. ૧૦૧) આપી નવા થનારા માનવંતા લાઇફ મેમ્બરોને શ્રી સંઘપતિ ચરિત્ર રૂા. ૬॥ તથા શ્રી મહાવીર યુગની મહાદેવીઓ રૂા. ૩॥ એ બે ગ્રંથો ભેટ આપવામાં આવશે અને તે પછી પ્રગટ થતાં દરેક ગ્રથો ભેટ આપવામાં આવશે.

## હવે પછી નવા થનારા લાઇફ મેમ્બરોને નમ્ર સૂચના.

આસો વદી ૩૦ પછી બે માસ સુધીમાં રૂા. ૧૦૧) એકસો એક આપી આ સભામાં નવા થનારા માનવંતા લાઇફ મેમ્બરોને જ હવે પછી પ્રગટ થનાર શ્રી શાંતિનાથ ચરિત્ર રૂા. ૭॥ તથા સાથે શ્રી વસુદેવ હિંડી રૂા. ૧૨॥ આ બંને રૂા. વીશની કિંમતના ભેટ મળી શકશે. માત્ર પોસ્ટેજ પુરતા ખર્ચનું વી. પી. તે વખતે તેઓ સાહેબને મોકલવામાં આવશે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



C. S. P. P. ]

*Publishers*—Shree Jain Atmanand Sabha, Bhavnagar.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી આત્માનંદ પ્રકાશ.

... પ્રકાશક:—શ્રી જૈન આત્માનંદ સભા–ભાવનગર ...

| | | |
|---|---|---|
| વીર સં. ૨૪૭૩. | ભાદ્રપદ | પુસ્તક ૪૫ મું. |
| વિક્રમ સં. ૨૦૦૩. | :: ઇ. સ. ૧૯૪૭ ઑક્ટોબર :: | અંક ૨ જો. |

## સામાન્ય જિન સ્તવન.

( રાહ–કમલ હય મેરે સામને. )

જિનજી તું......મેરા આશરા, જીવન હય તેરે હાથ;
ભવજલધિ મેં ડુબ રહા મૈં, બિન દીન કે નાથ. જિનજી તું...૧
નાહિં જાનું તૈરના, સુકાન નાહિં હાથ;
હૈ કરમકા જાલીમ સીતમ, નાહિં સુકાની સાથ. જિનજી તું...૨
રંગે જિનજી ! દરશન દિજે, કીજે કિંકર સાર;
ત્રિભુવન કે પ્રતિપાલક મેરા, દુઃખડાં દૂર નિવાર. રંગે રંગે૦ જિનજી તું...૩
પ્યારા પ્રભુજી પરમ સુકાની !, ભવજલ તારણહાર !;
**નેમિ-લાવણ્ય-દક્ષ** કેરી, જીવન નૈયા તાર. પ્યારા પ્યારા૦ જિનજી તું...૪

લેખક:—**મુનિરાજશ્રી દક્ષવિજયજી મહારાજ.**

---

## ભૂલી જવું.

દુનિયામહીં વાતો ઘણી, ભૂલી જવી મુશ્કેલ છે;
લાગ્યો હૃદયમાં ડંખ તે, વિસરી જવો મુશ્કેલ છે.
ભૂલી જવો મુશ્કેલ છે, અન્યના અપકારને;
ભૂલી જવું મુશ્કેલ છે, આપણા અપમાનને.
ભૂલી જવા મુશ્કેલ છે, વચન કડવાં ઝેરને;
ભૂલી જવા મુશ્કેલ છે, વિરોધીઓનાં વેરને.
ચાહો પરંતુ જો તમે, દુનિયામહીં શાન્તિ અને;
ચાહો તમારા જીવનમાં, શાન્તિ અને આનંદને.
દુનિયામહીં તો એ બધું, ભૂલી જવામાં માલ છે;
ભૂલી જતાં, તે, શીખવું, એ એક આશીર્વાદ છે.

**અનંતરાય જાદવજી શાહ**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સાચી પવિત્રતા

લેખકઃ-આચાર્યશ્રી વિજયકસ્તૂરસૂરિજી મહારાજ

પરમ પવિત્ર સર્વજ્ઞ પ્રભુ પરમ ઉચ્ચ કોટીના આત્મા છે. બધાય પ્રકારની અપવિત્રતાથી મુકાઇને પવિત્ર બન્યા છે. જ્યાં સુધી કર્મનો સંસર્ગ હોય છે ત્યાં સુધી કોઇ પણ આત્મા પવિત્ર બની શકતો નથી. જેટલે અંશે કર્મની નિર્જરા થઇને આત્મિક ગુણ પ્રગટે છે તેટલે અંશે આત્મા પવિત્ર બને અને જ્યારે સર્વ કર્મથી મુકાઇ જાય છે ત્યારે પરમ પવિત્રતા મેળવે છે. આત્મામાં સ્વાભાવિક પવિત્રતા રહેલી હોવાથી ઉપાયોદ્વારા પ્રગટ થઇ શકે; પણ સ્વભાવથી જ અપવિત્ર દેહ પવિત્ર બની શકે જ નહિં. દેહને પવિત્ર બનાવવાને માટે પાણીનો ઉપયોગ કરવામાં આવે છે જેથી અશુચિ વસ્તુ દૂર થઇ શકે છે પણ પવિત્ર બની શકતું નથી, કારણ કે શરીર મળમૂત્રાદિ સાત ધાતુઓના પિંડરૂપ છે, છતાં વ્યવહારમાં શરીરને બહારથી ચોંટેલી અશુચિ વસ્તુ દૂર થવાથી પવિત્ર માનવામાં આવે છે. પણ તાત્ત્વિક દૃષ્ટિથી વિચાર કરીએ તો મળમૂત્રની ઉત્પત્તિનું સ્થાન જ શરીર હોવાથી તે પવિત્ર કેવી રીતે બની શકે ? પાંચ ઇંદ્રિયોને ધારણ કરવાવાળા પશુઓ તથા માનવીઓના દેહને આશ્રયીને મળમૂત્રની ઉત્પત્તિ થાય છે. તેમાં પણ અપવિત્રતાનું કારણ તો માનવીઓનું જ મળમૂત્ર હોઇ શકે છે, પણ પશુઓનું હોતું નથી. તેનો માનવી માત્રને પ્રત્યક્ષ અનુભવ થાય છે. માનવીના મળમૂત્રથી અપવિત્ર થયેલું સ્થાન ગાય, ભેંસ આદિ પશુઓના છાણરૂપ મળથી પવિત્ર થાય છે. ગોમૂત્ર ઘણા પવિત્ર કાર્યોમાં વપરાય છે. ગોમૂત્ર છાંટવાથી અપવિત્ર સ્થળ પવિત્ર થાય છે. જ્યાં પશુ પક્ષી આદિ પ્રાણીઓનો જ વસવાટ હોય એવા નિર્જન વગડામાં અપવિત્રતા કે અસ્વચ્છતા જેવું કાંઇ ખાસ હોતું નથી. ત્યાં આરોગ્યતા મેળવવાના અથવા તો મોજ-શોખના હેતુથી શ્રીમંતો તથા સાધારણ માણસો ઝૂંપડાં કે બંગલા બાંધીને હવાપાણીનો ઉપભોગ કરવા રહે છે પણ તેમને રહેતાં જ્યાં થોડા દિવસ થાય છે કે તરત જ તે સ્થળ માનવીઓના મળમૂત્રના સંસર્ગને લઇને અપવિત્ર તથા અસ્વચ્છ બની જાય છે. જેથી કરીને જે સ્થળ હવાપાણી સ્વચ્છ હોઇને આરોગ્ય આપવાવાળું હતું તે બગડી જવાથી રોગોત્પત્તિનું કારણ બને છે. એકેંદ્રિય માટી, પાણી, પવન તથા અગ્નિ આદિ અસ્વચ્છ તથા અપવિત્ર સ્થળો તથા માનવદેહને પવિત્ર તથા સ્વચ્છ બનાવવા માટે વપરાય છે. આ બધુંય જોતાં સંસારમાં અસ્વચ્છતા તથા અપવિત્રતાના કારણભૂત માનવદેહ છે.

જગતમાં આત્મા સિવાય તાત્ત્વિક પવિત્રતા કયાંય નથી, છતાં દેહને પવિત્ર બનાવવાને માટે જે કાંઇ પ્રયાસ કરવામાં આવે છે તે કોલસાને ધોળો બનાવવાના પ્રયત્નની જેમ નિષ્ફળ છે. આત્માને પવિત્ર બનાવવાને માટે ઉચિત પ્રવૃત્તિ કરવામાં આવે તો સફળતા મળી શકે છે. ધોળું કપડું મેલથી કાળું થઇ ગયું હોય તો ક્ષાર આદિથી સાફ થઇ જવાથી ધોળું થાય છે, કારણ કે કપડામાં કાળાપણું સ્વાભાવિક નથી પણ મેલના સંસર્ગથી થયેલું છે એટલે કપડાનું સ્વાભાવિક ધોળાપણું આગંતુક મેલ દૂર થવાથી પ્રગટ થઇ શકે છે,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પણ સ્વભાવથી જ કાળા કોલસાને ધોળા બનાવવા માટે ગમે તેટલા ઉપચાર કરવામાં આવે તોયે તે ધોળા બની શકતા નથી પણ ઊલટી કાળાશ વધે છે તેવી જ રીતે આત્મા સ્વાભાવિક સ્વચ્છ અને પવિત્ર હોવાથી આગંતુક કર્મજન્ય મલિનતા પ્રયત્ન કરવાથી દૂર થઇ જઇને આત્મા સ્વચ્છ બની શકે છે પણ સ્વભાવથી જ અપવિત્ર દેહ પાણી તથા સુગંધી વસ્તુઓથી સ્વચ્છ તથા પવિત્ર બની શકતો જ નથી પણ સ્વચ્છ બનાવવામાં વપરાતી વસ્તુઓ જ દેહના સંસર્ગથી અપવિત્ર તથા અસ્વચ્છ બની જાય છે, તે નીચેના ઉદાહરણથી સ્પષ્ટ સમજાય છે.

એક ગામની ભાગોળે કેટલાક ભંગી મેલાના ઢગલા કરતા હતા. પાસેથી જ એક ધોરી માર્ગ વહેતો હતો. કેટલાક વટેમાર્ગુ ત્યાંથી પસાર થતા હતા. તેમણે તીવ્ર દુર્ગંધને લઇને નાક તથા મોં કપડાંથી બંધ કર્યાં અને ઘૃણાથી મોં બગાડી વારે ઘડીએ થૂંકતા જલદી જલદી ચાલવા માંડ્યું. એટલે વીષ્ટા બોલી કે– જુઓ, આ અમારી ઘૃણા કરે છે, પણ ગઇ કાલે જ અમને બજારમાં કંદોઇની દુકાનમાં સારાં ને સ્વચ્છ વાસણોમાં સ્વચ્છ કપડાથી ઢાંકી મૂકવામાં આવી હતી, ત્યારે આ અમારી ઘૃણા કરનારાઓ બજારમાં કંદોઇની દુકાન પર આવીને કંદોઇના રોકવા છતાં પણ કપડાં ઊંચાં કરીને અમને ઘણી જ ઉત્કંઠાથી જોતા હતા. પછી એમને પસંદ પડવાથી કંદોઇને મોં માંગ્યું મૂલ્ય આપીને અમને ખરીદીને લઇ ગયા. અમે એમના દેહનો એક જ દિવસ સંસર્ગ કર્યો તેથી અમારી આ દશા થઇ છે, જેઓ અત્યંત પ્રેમથી અમારો આદરસત્કાર કરતા હતા તેઓ જ અમને ઘૃણાની દૃષ્ટિથી જોઇને અમારો તિરસ્કાર કરી રહ્યા છે, અને અમારા નામ પર થૂંકી રહ્યા છે. અમે તો ફક્ત એક જ દિવસ માનવ દેહની સોબતમાં રહ્યાં છીએ એટલાથી અમારી આ દશા થઇ તો પછી ચોવીસે કલાક એ જ માનવની સોબતમાં રહેનાર આત્માની શી દશા થશે તે કહેવાને માટે અમે અશક્ત છીએ. છતાં એટલું તો કહીશું કે અમે તો ચૈતન્યવિહોણા જડ છીએ એટલે આટલી જ માઠી દશા ભોગવીને આવતી કાલે જ સ્વાદિષ્ટ ફળાદિ અન્ન આદિની મધુરતાના રૂપમાં પરિણત થઇ જઈશું પણ ચૈતન્ય હોઇને વિષયાસક્ત જડ બનેલા આત્માની અમારા કરતાં પણ અત્યંત માઠી દશા થવાની છે કે જેને સુધરતાં લાંબો કાળ નીકળી જશે.

આ પ્રમાણે અપવિત્ર તથા અસ્વચ્છ દેહની કોઇ પણ જડ વસ્તુથી શુદ્ધિ થઈ શકતી નથી. વ્યવહારમાં પાણીથી શુદ્ધિ માનવામાં આવે છે તે કહેવા પૂરતી બહારની ક્ષણિક શુદ્ધિ છે. ખરૂં જોતાં તો જેમ સ્વભાવથી જ કડવું કરિઆતું મીઠું બની શકતું નથી તેમ સ્વભાવથી જ અપવિત્ર દેહ પવિત્ર બની શકે જ નહિ તો યે આત્મશુદ્ધિ થાય તો તેના સંસર્ગને લઇને પવિત્ર બની શકે છે અર્થાત્ સ્વભાવથી જ પવિત્ર આત્મા કર્મમુક્ત થઇને પોતાનું સ્વરૂપ પ્રાપ્ત કર્યા પછી પવિત્ર થાય છે, તેના સંસર્ગથી દેહની શુદ્ધિ થઇ શકે છે, આત્માની શુદ્ધિ–પવિત્રતા એટલે કર્મના ક્ષયોપશમ તથા ક્ષયથી થવાવાળો આત્માનો વિકાસ. પવિત્ર આત્માઓના પ્રભાવથી દેહથી ઉત્પન્ન થતા મળાદિ શુદ્ધ–સુગંધીમય બનીને ઔષધરૂપે પરિણમે છે, જેનાથી માનવીઓના અનેક પ્રકારના મહાન વ્યાધિઓ મટી જાય છે. વિકાસી આત્માઓનો દેહ સુગંધમય તથા સ્વચ્છ હોય છે. અપવિત્ર શેષ દેહધારીઓ કરતાં શુદ્ધાત્માઓના દેહમાં આત્મિક વિશિષ્ટતા હોવાથી અતિશયવાળાં કહેવાય છે. આવી રીતે વિકાસી આત્માના સંસર્ગ સિવાય દેહની શુદ્ધિ થઈ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શકતી જ નથી, છતાં જેઓ આત્મશુદ્ધિની પ્રવૃત્તિ છોડીને આત્માની મલિનતા વધારનાર વૈષયિક વાસનાઓથી વાસિત થઇને અર્થાત્ નિરંતર અત્યંત આસક્તિભાવથી વિષય સેવીને દેહને શુદ્ધ-સ્વચ્છ તથા સુગંધમય બનાવવાને જે કાંઇ પ્રવૃત્તિ કરી રહ્યા છે તે તેમનું અપૂર્વ સાહસ જ કહી શકાય. અધ્યવસાયની શુદ્ધિ વગર આત્મશુદ્ધિ થઇ શકતી નથી. અનાદિ કાળથી રાગ-દ્વેષના ગાઢ સંસ્કારોને લઇને અશુદ્ધ અધ્યવસાય આત્માની પ્રકૃતિ જેવા બની ગયા છે. અર્થાત્ અનાદિ કાળથી જ આત્મા અશુદ્ધ અધ્યવસાયવાળો છે. પણ પ્રથમ શુદ્ધ હતો અને પછીથી અશુદ્ધ થયો એવું કદાપિ બન્યું જ નથી. અશુદ્ધિ અનાદિ કાળથી જ ચાલી આવે છે, કારણ કે તેના હેતુભૂત કર્મો અનાદિથી જ આત્માની સાથે ઓતપ્રોત થઇને રહ્યાં છે, માટે અશુદ્ધને શુદ્ધ બનાવવાનો પ્રયત્ન કરવામાં આવે છે પણ શુદ્ધને અશુદ્ધ ન થવા દેવા પ્રયાસ કરાતો નથી. જો શુદ્ધને અશુદ્ધ ન થવા દેવાને માટે પણ પ્રયત્ન કરવો પડતો હોય તો પરમ વિશુદ્ધિને પામેલા અનંત સિદ્ધાત્માઓને પણ પ્રવૃત્તિ કરવાનો પ્રસંગ ઉપસ્થિત થાય, પરંતુ સંપૂર્ણ શુદ્ધિ મેળવ્યા પછી આત્મા કૃતકૃત્ય થઇ જાય છે એટલે તેને કાંઈ પણ કરવાપણું રહેતું જ નથી: જેમ મેલાં કપડાને ધોઇને ઊજળાં બનાવનાર ધોબી મેલ કાઢવા કપડાં ધોતાં પહેલાં કપડાંની સાથે મેલનો સંબંધ કરાવનાર કપડાના પ્રત્યેક તાંતણામાં રહેલી ચીકાસને કાઢવાને માટે આરવાળી ભઠ્ઠી ચઢાવે છે, જેથી દરેક તાંતણામાં રહેલી ચીકાસ તાંતણામાંથી છૂટી પડી જાય છે. પછી પાણીનાં ધોવાથી ચીકાસની સાથે જ મેલ ધોવાઇ જાય છે એટલે તે કપડું ઊજળું થાય છે. તેમ કર્મથી મેલા આત્માને ઊજળો (વિકાસી) બનાવનાર યોગી પુરુષ કર્મની સાથે સંબંધ કરાવનાર પ્રત્યેક આત્મપ્રદેશમાં રહેલી રાગ-દ્વેષની ચીકાસને કાઢવાને સમભાવરૂપ ખારથી ચીકાસને છૂટી પાડે છે, પછી શુદ્ધ અધ્યવસાયરૂપ પાણીથી આત્માને ધોઈ નાંખે છે એટલે આત્મા ઊજળો થાય છે. તે રાગ-દ્વેષની ચીકાસ સંપૂર્ણ નીકળી જવાથી પાછો કર્મથી મેલો થતો નથી અર્થાત્ આત્મપ્રદેશ સાથે ચોંટેલી રાગ-દ્વેષની ચીકાશ સાફ થઇ ગયા પછી આત્માને કર્મ ચોંટતાં નથી, માટે સંપૂર્ણ વીતરાગ દશા પ્રાપ્ત કરનાર શુદ્ધાત્માને અશુદ્ધ ન થવા દેવા માટે કાંઇ પણ પ્રયાસ કરવાની જરૂરત રહેતી નથી, પણ અનાદિથી રાગ-દ્વેષગ્રસ્ત આત્માના અશુદ્ધ અધ્યવસાયોને શુદ્ધ બનાવવાને માટે પ્રયાસ કરવામાં આવે છે. અશુદ્ધિ ટાળવાને માટે ધાર્મિક વ્યાપારોનો આદર અને અધાર્મિક વ્યાપારોનો ત્યાગ કરવાની પવિત્ર પુરુષોએ ભલામણ કરી છે. સામાયિક ( સમભાવ ), પ્રતિક્રમણ ( પાપોથી પશ્ચાત્તાપપૂર્વક પાછું ફરવું.) દેવપૂજન તથા દર્શન, તીર્થ પર્યટન, સંતસમાગમ, સત્શાસ્ત્રોનું વાંચન તથા શ્રવણ આદિ અધ્યવસાયની શુદ્ધિના નિમિત્ત બનાવ્યાં છે. આ બધા ય નિમિત્તોનો આશ્રય લેવા છતાં પણ જે અધ્યવસાયની શુદ્ધિ કરી શકયા નથી અને તેના અંગે થનારી આત્મશુદ્ધિથી વંચિત રહી ગયા છે તેનાં ખાસ કારણો તો વસ્તુતત્ત્વની અજ્ઞાનતા, દેખાદેખી, અનુકરણ, અશ્રદ્ધા, અરુચિ અને ક્ષુદ્ર વાસના આદિ છે કે જેને લઇને તપ-જપ-સંયમ આદિ અનેક પ્રકારનો ધાર્મિક વ્યાપાર કરવા છતાં પણ કષાય-વિષયની ઉગ્રતાને લઇને સમ્યગ્દર્શનાદિની સાચી સંપત્તિ મેળવી શકયા નથી. જે માનવીને એવી દૃઢ શ્રદ્ધા હોય કે સમ્યગ્દર્શનાદિ મારી સાચી સંપત્તિ છે, સુખસ્વરૂપ આત્મા છે, પરપૌદ્ગલિક વસ્તુનો ત્યાગ તે જ સાચી સ્વતંત્રતા છે, ઇચ્છાઓનો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અનાદર કરવામાં જ શાંતિ છે, સર્વ કર્મોથી મુકાઇ જવું તે જ સાચી વિશ્રાન્તિ છે, ઇત્યાદિ શ્રદ્ધાવાળો માનવી અધ્યવસાયોની શુદ્ધિદ્વારા આત્મશુદ્ધિ સાધી શકે છે અને તે વિલાસોમાં અનુકૂળતા મેળવી આસક્તિ વધારવા દેહાદિની શુદ્ધિ તરફ લક્ષ આપતો નથી, કારણ કે તે વિકાસી છે, વિકાસની વાટે વળેલો છે.

પવિત્રતા એક પ્રકારનો અસાધારણ ધર્મ છે, અને તે આત્મા સિવાય બીજે કયાંય પણ રહી શકતો નથી. જેવી રીતે પવિત્રતા ધર્મ છે તેવી જ રીતે અપવિત્રતા પણ ધર્મ છે કે જે પૌદ્‌ગલિક જડાત્મક વસ્તુઓમાં રહે છે. પવિત્રતા જ્ઞાનાદિની સહભાવી છે ત્યારે અપવિત્રતા વર્ણ ગંધાદિની સહભાવી છે. જે જ્ઞાનાદિનું આધારભૂત દ્રવ્ય છે તે પવિત્રતાનું પણ છે અને જે વર્ણાદિનું આધારભૂત દ્રવ્ય છે તે અપવિત્રતાનું પણ છે. આત્મા જે અપવિત્ર કહેવાય છે તે તાત્ત્વિક નથી, કર્મની ઉપાધિને લઇને કહેવાય છે. આત્મા તો સ્વચ્છ સ્ફટિક જેવો છે. સ્ફટિક વિચિત્ર વર્ણવાળી વસ્તુઓના સંસર્ગને લઇને વિચિત્ર વર્ણવાળો જણાય છે, છતાં તે વિચિત્રતા સ્ફટિકની નથી પણ સંબંધવાળી વસ્તુઓની છે. વ્યવહારથી ભલે સ્ફટિકને કાળું પીળું કહેવામાં આવે પણ તે વર્ણ વિચિત્ર સંબંધવાળી વસ્તુઓ ખસી જવાથી ખસી જાય છે, ત્યારે સ્ફટિકની સ્વાભાવિક સ્વચ્છતા પ્રગટ થાય છે. ભિન્ન ધર્મવાળી વસ્તુઓનો સ્ફટિકની સાથે ગમે તેટલો સંબંધ થવા છતાં પણ સ્ફટિકની સ્વચ્છતામાં અંશ માત્ર પણ ફરક પડતો નથી. તેવી જ રીતે આત્માની જ્ઞાનસ્વરૂપ પવિત્રતા અનેક પ્રકારની અપવિત્ર જડાત્મક વસ્તુઓના સંસર્ગથી અંશ માત્ર પણ નષ્ટ થતી નથી. આત્મામાં અપવિત્રતા, અજ્ઞાનતા દેખાય છે તે જડાત્મક વસ્તુઓના સ્વચ્છ આત્મામાં પડતા ઓળા છે, માટે તે આત્મસ્વરૂપ નથી. તો યે વ્યવહારથી આત્મા અજ્ઞાની અપવિત્ર કહેવાય છે. તે જડસ્વરૂપ અપવિત્ર કર્મપુદ્‌ગલો ખસી ગયા પછી જ્ઞાનસ્વરૂપ પવિત્રતા પ્રગટ થવાથી જ્ઞાની પવિત્ર કહેવાય છે. મલિનતા ધર્મના અભાવવાળી સ્વચ્છ વસ્તુઓમાં અસ્વચ્છ મલિનતા ધર્મવાળી વસ્તુઓના ઓળા પડે છે અને તે સ્વચ્છ વસ્તુઓમાં દેખાય જ છે. જે દેખાય છે તે મલિન વસ્તુ છે, છતાં સ્વચ્છ વસ્તુમાં આરોપ કરીને સ્વચ્છ વસ્તુને અસ્વચ્છ તરીકે ઓળખવામાં આવે છે જેથી તેને વ્યવહાર કહેવામાં આવે છે.

આત્મા એક સ્વરૂપવાળો હોવા છતાં પણ કર્મના વિકારોને લઇને અનેક સ્વરૂપે ઓળખાય છે. અરૂપી, અભેદ્ય, અછેદ્ય આદિ વિકારોથી શૂન્ય હોવા છતાં રૂપ તથા ભેદન–છેદન આદિ કર્મના કાર્યોનો આત્મામાં આરોપ કરીને આત્માને અરૂપી તથા છેદ્ય, ભેદ્ય આદિ અવસ્થાવાળો માનવામાં આવે છે. જો કે વ્યવહારિક દૃષ્ટિથી માનવાથી બાધ આવતો નથી; છતાં નૈશ્ચયિક દૃષ્ટિની ઉપેક્ષા કરી શકાય નહિ, કારણ કે વ્યવહારિક દૃષ્ટિ અતાત્ત્વિક છે અને નૈશ્ચયિક દૃષ્ટિ તાત્ત્વિક છે. જો કેવળ વ્યવહારિક દૃષ્ટિ માનીને નિશ્ચયનો નિષેધ કરવામાં આવે તો મૂળ શુદ્ધ વસ્તુનો અભાવ થઇ જાય છે. જેમકે કડું, કુંડળ, કંઠી આદિ ઘરેણાં માનવામાં આવે અને સુવર્ણનો નિષેધ કરવામાં આવે તો સુવર્ણનો અભાવ થવાથી કડા, કંઠી જેવી વસ્તુનો અભાવ થઇ જાય છે. તેમ શુદ્ધ આત્માનો નિષેધ કરવામાં આવે તો પછી નર, નારક આદિ અવસ્થા જેવું કશુંય રહેતું નથી અર્થાત પરિણામોને માનીને પરિણામનો નિષેધ થઇ શકે જ નહિ, કારણ કે પરિણામ વગર પરિણામી જેવી કોઈ વસ્તુ જ નથી. પરિણામ સ્વભાવ તથા વિભાવના ભેદથી બે પ્રકારના છે. કર્મના સંયોગથી થવાવાળા આત્માના પરિણામ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તે વિભાવ અને શુદ્ધ આત્મામાં થવાવાળા તે સ્વભાવ. આ બંને પ્રકારના પરિણામો પરિણામીના અભાવથી હોઇ શકે નહિં, માટે નૈશ્ચયિક દૃષ્ટિથી શુદ્ધ સ્વચ્છ સ્વરૂપવાળો આત્મા માન્યા વગર ચાલે નહિં. વ્યવહાર ચર્મચક્ષુથી જોનારો છે એટલે જ્યારે જ્યારે જેવું દેખાય ત્યારે તેવું માને છે, ત્યારે નિશ્ચય જ્ઞાનદૃષ્ટિથી જોનારો હોવાથી બચાવની મૂળભૂત તાત્વિક વસ્તુને માને છે, અનેક પ્રકારની અશુદ્ધ અવસ્થામાં વ્યવહારવાળાને દૃષ્ટિગોચર થતા આત્માને એક શુદ્ધ સ્વરૂપે જ જુએ છે. ખાટા, ખારા, મીઠા તથા તીખા આદિ પદાર્થોના સંસર્ગને લઇને અનેક સ્વાદને ધારણ કરવાવાળા પાણીમાં મધુરતા માને છે ત્યારે વ્યવહારવાળો સરબત, સોડા આદિ અનેક સ્વાદને જ માનવા માટે તાત્વિક દૃષ્ટિથી જોયા વગર સાચી વસ્તુ દેખાય નહિં તેથી સાચું સમજાય પણ નહિ.

આ પ્રમાણે વિચાર કરતાં સંસારમાં એક આત્મા જ સાચી, શુદ્ધ, સ્વચ્છ, પવિત્ર વસ્તુ છે; બાકી આત્માની સાથે અનાદિકાળથી સંબંધ ધરાવનાર કર્મ અપવિત્ર અશુદ્ધ છે. એટલે તેના કાર્યરૂપ જડાત્મક જગત અપવિત્ર છે. કારણ કે દશ્ય જાગૃત દેહસ્વરૂપ છે અને તે કર્મનો વિકાર હોવાથી પવિત્ર હોઇ શકે નહિં. કર્મ અત્યંત સૂક્ષ્મ હોવાથી ક્ષાયોપશમિક અથવા તો ક્ષાયિક અતિશાયી જ્ઞાન સિવાય પ્રત્યક્ષ દેખી શકાય નહિ, પણ તેના કાર્યરૂપ સ્થૂલ દેહોથી અનુમાનથી જાણી શકાય. જેટલા વિષયો છે તે બધા જીવે દેહપણે ધારણ કરેલા તથા ધારણ કરીને છોડી દીધેલા શરીરો છે. જીવને ભોગોપભોગમાં વપરાતી વસ્તુ માત્ર કર્મના કાર્યરૂપ શરીરો છે, જીવને ગ્રહણ કરેલા શુદ્ધ પુદ્ગલ સ્કંધો કે જેને વર્ગણા કહેવામાં આવે છે. તે પાંચે ઇંદ્રિયોના વિષયરૂપે વાપરી શકાતા નથી, માટે તે ઇંદ્રિયોના અવિષયરૂપ છે. કર્મો સૂક્ષ્મપણાને લઇને અદૃશ્ય હોવાથી તેની અપવિત્રતા પણ અદૃશ્ય છે, છતાં દેહાદિની અપવિત્રતાથી તેની અપવિત્રતા સમજી શકાય છે, કારણ કે દેહમાં અપવિત્રતા કારણરૂપ કર્મની છે. કારણસ્વરૂપ કર્મમાં તથા કાર્યસ્વરૂપ દેહાદિમાં જે શુભાશુભપણું તથા શુદ્ધાશુદ્ધપણું કહેવાય છે તે વ્યવહારથી છે માટે તાત્ત્વિક નથી, કારણ કે શુભ હોય કે અશુભ, પણ જે કર્મને લઇને આત્મા શુદ્ધિ મેળવી શકતો નથી તે શુદ્ધ હોઇ શકે જ નહિં, માટે જ કર્મમાં શુદ્ધિ, પવિત્રતા કે શુભપણું અતાત્ત્વિક છે, માટે તેના કાર્યરૂપ દેહાદિમાં પણ અતાત્વિક જ હોઇ શકે છે. જેટલે અંશે આત્મા કર્મથી મુકાય છે તેટલે અંશે શુદ્ધ થાય છે. સંપૂર્ણ મુકાઇ જવાથી સંપૂર્ણ શુદ્ધિ મેળવી શકે છે માટે આત્માની સાચી પવિત્રતા પ્રગટ કરવાને કર્મથી સંપૂર્ણ મુક્તિ મેળવવાની આવશ્યકતા છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સાધ્યની દૃષ્ટિએ સાધક નયાવતાર

(લે૦ સંવિજ્ઞપા૦ મુનિશ્રી પુણ્યવિજયજી).

(આત્માના સંબંધમાં સાત નયો નીચે ઈન્વર્ટેડમાં મૂકાયેલ ચૌદ બોલમાં ઉતારેલા જે 'તત્ત્વજ્ઞાન' નામક પુસ્તિકામાં વાંચવામાં આવેલ; જેનો આશય પરમ ગંભીર હોઈ એક સજ્જન વિદ્વાનને આનો ટૂંકો ભાવાર્થ સમજાવવા જણાવેલ. તે ઉપરથી સાધક જનોને ઉપયોગી ધારી અત્ર લેખ તરીકે આપવામાં આવે છે).

૧–"એવંભૂત દૃષ્ટિથી ઋજુસૂત્ર સ્થિતિ કર".

જેવા પ્રકારે શુદ્ધ નિશ્ચયથી આત્માની એવંભૂત શુદ્ધ સ્વરૂપ સ્થિતિ છે, તે દૃષ્ટિ લક્ષમાં રાખી ઋજુસૂત્રપણે–વર્તમાન પર્યાયમાં તથાપ્રકારે સ્થિતિ કર એટલે કે–વર્તમાનમાં શુદ્ધ સ્વરૂપમાં વર્ત.

૨–"ઋજુસૂત્ર દૃષ્ટિથી એવંભૂત સ્થિતિ કર".

અને વર્તમાન પર્યાયની ઋજુસૂત્રની દૃષ્ટિએ પણ જેવા પ્રકારે આત્માનું એવંભૂત શુદ્ધ નિશ્ચય સ્વરૂપ છે, તેવા પ્રકારે સ્થિતિ કર અથવા વર્તમાન વ્યવહારરૂપ આચરણની દૃષ્ટિએ પણ જેવું શુદ્ધ આત્મસ્વરૂપ છે તેવી સ્થિતિ કર, શુદ્ધ સ્વરૂપ થા!

૩–"નૈગમ દૃષ્ટિથી એવંભૂત પ્રાપ્તિ કર".

નૈગમ દૃષ્ટિથી એટલે કે–જેવા પ્રકારે ચૈતન્ય લક્ષણથી આત્મ લોકપ્રસિદ્ધ વ્યવહારથી વ્યવહારાય છે, તે દૃષ્ટિથી લક્ષમાં રાખી એવંભૂત શુદ્ધ ચૈતન્ય સ્વરૂપે સ્થિતિ કર, અથવા નૈગમ એટલે જેવા પ્રકારે વીતરાગભક્તિ વૈરાગ્ય આદિ મોક્ષસાધક વ્યવહાર લોકપ્રસિદ્ધ છે; તે દૃષ્ટિથી–વ્યવહાર આચરણની દૃષ્ટિથી એવંભૂત એટલે કે જેવા પ્રકારે આત્મસ્વરૂપ છે તેવા પ્રકારે થા! આ લોકપ્રસિદ્ધ વ્યવહાર આચરીને પણ નિરંતર એવંભૂત–યથોક્ત આત્મસ્વરૂપ પામવાનું જ લક્ષ રાખ!

૪–"એવંભૂત દૃષ્ટિથી નૈગમ વિશુદ્ધ કર".

અને એવંભૂત દૃષ્ટિથી એટલે સાધ્ય એવા શુદ્ધ આત્મસ્વરૂપને નિરંતર લક્ષમાં રાખી નૈગમથી ચૈતન્યલક્ષણ આત્માને વિશુદ્ધ કર, અથવા લોકપ્રસિદ્ધ મોક્ષસાધક વ્યવહારને વિશુદ્ધ કર!

૫–"સંગ્રહ દૃષ્ટિથી એવંભૂત થા".

સામાન્યગ્રાહિ એવા સંગ્રહનયની દૃષ્ટિથી એવંભૂત થા! સંગ્રહનયની દૃષ્ટિની અપેક્ષાએ સર્વ જીવ સત્તાથી સિદ્ધ સમાન છે. આ દૃષ્ટિ લક્ષમાં રાખી એવંભૂત થા, અર્થાત્ જેમ આત્મસ્વરૂપ છે તેવી સ્થિતિને પામેલો થા, એવો સ્વરૂપસ્થ થા!

૬–"એવંભૂત દૃષ્ટિથી સંગ્રહ વિશુદ્ધ કર".

એવંભૂત અર્થાત્ જેવું યથાસ્થિત શુદ્ધ સહજ આત્મસ્વરૂપ છે, તેવી દૃષ્ટિથી, તે અપેક્ષા દૃષ્ટિ સન્મુખ રાખી સંગ્રહ અર્થાત્ જે પોતાની સ્વરૂપ સત્તા છે, તે વિશુદ્ધ કર એટલે કે શુદ્ધ નિશ્ચયસ્વરૂપ લક્ષમાં રાખી તેને અનુકૂળ શુદ્ધ વ્યવહારનું એવું અનુષ્ઠાન કર કે, જેથી કરીને–જે સાધનવડે કરીને તે એવંભૂત આત્મારૂપ સાધ્ય સિદ્ધ થાય.

૭–"વ્યવહારદૃષ્ટિથી એવંભૂત પ્રત્યે જા".

વ્યવહારદૃષ્ટિથી એટલે પરમાર્થસાધક વ્યવહારદૃષ્ટિથી એવંભૂત પ્રત્યે જા, શુદ્ધસ્વરૂપ પ્રત્યે જા કારણ કે સર્વ વ્યવહાર–સાધનનું એક જ સાધ્ય સ્વરૂપસિદ્ધ છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૮–" એવંભૂત દૃષ્ટિથી વ્યવહાર વિનિવૃત્તિ કર ".

એવંભૂત–નિશ્ચયરૂપ શુદ્ધ સ્વરૂપદૃષ્ટિથી–લક્ષમાં રાખી વ્યવહાર વિનિવૃત્તિ કર, એવી ઉત્તરોત્તર ચઢતી આત્મદશા ઉત્પન્ન કરતો જા, કે જેથી પછી વ્યવહાર સાધનની વિનિવૃત્તિ થાય, અપેક્ષા ન રહે (કારણ સમસ્ત વ્યવહાર નિશ્ચયની સિદ્ધિ માટે છે તેની સિદ્ધિ થતી જાય છે, તેમ તેમ વ્યવહારની નિવૃત્તિ થાય છે).

૯–" શબ્દ દૃષ્ટિથી એવંભૂત પ્રત્યે જા. "

શબ્દ દૃષ્ટિથી એટલે આત્મા. શબ્દના ખરેખરા અર્થમાં એવંભૂત–શુદ્ધ સ્વરૂપ પ્રત્યે જા! દાખલા તરીકે–જ્ઞાન, દર્શન, ચારિત્ર પ્રાયે ગમન પરિણમન કરે તે આત્મા. એમ 'આત્મા' શબ્દનો અર્થ છે. આ શબ્દના યથાર્થ અર્થરૂપ દૃષ્ટિ લક્ષમાં રાખી એવંભૂત પ્રત્યે જા–શુદ્ધ આત્મસ્વરૂપને પામ.

૧૦–" એવંભૂત દૃષ્ટિથી શબ્દ નિર્વિકલ્પ કર ".

એવંભૂત–શુદ્ધ સ્વરૂપલક્ષી દૃષ્ટિથી શબ્દને યથાર્થ અર્થરૂપ 'આત્મા' નામધારી શબ્દને નિર્વિકલ્પ કર, અર્થાત્ આત્મા સિવાય જ્યાં બીજો કંઇ પણ વિકલ્પ વર્તતો નથી એવો કર, વિકલ્પ આત્મધ્યાનને–શુકલધ્યાનને પામ!

૧૧–" સમભિરૂઢ દૃષ્ટિથી એવંભૂત અવલોક ".

સમભિરૂઢ–નિશ્ચય સ્વરૂપની સાધનામાં સમ્યક્પણે અભિરૂઢ–અતિ ઊંચે ચઢેલ ઉચ્ચ ગુણસ્થાન સ્થિતિને પામેલ એવી દૃષ્ટિથી એવંભૂત એટલે જેવા પ્રકારે મૂળ શુદ્ધ આત્મસ્વરૂપ છે તે અવલોક, જો; કારણ કે સમભિરૂઢ સ્થિતિવાળાને પ્રત્યક્ષ પ્રગટ એવંભૂત આત્મદર્શન–કેવલદર્શન થાય છે.

૧૨–" એવંભૂત દૃષ્ટિથી સમભિરૂઢ સ્થિતિ કર ".

એવંભૂત–શુદ્ધ આત્મસ્વરૂપ સ્થિતિની દૃષ્ટિથી સમભિરૂઢ–આત્મસ્વરૂપમાં સમ્યગ્પણે અત્યંત આરૂઢ એવી પરમ યોગદશાસંપન્ન સ્થિતિ કર, સ્વરૂપારૂઢ–યોગારૂઢ સ્થિતિ કર.

૧૩–" એવંભૂત દૃષ્ટિથી એવંભૂત થા ".

એવંભૂત દૃષ્ટિથી–શુદ્ધ આત્મસ્વરૂપ સ્થિતિની દૃષ્ટિ લક્ષમાં રાખી એવંભૂત થા! અર્થાત્ શુદ્ધ આત્મસ્વરૂપમાં જેણે સ્થિતિ કરી છે એવો સ્વરૂપસ્થિત થઈ જા.

૧૪–" એવંભૂત સ્થિતિથી એવંભૂત દૃષ્ટિ શમાવ ".

અને આવા પ્રકારે એવંભૂતસ્થિતિથી–યથાસ્થિત શુદ્ધ આત્મસ્વરૂપમાં સ્થિતિથી એવંભૂત અર્થાત્ આત્મસ્વરૂપ સ્થિતિથી દૃષ્ટિ શમાવ. અર્થાત્ શુદ્ધ આત્મસ્વરૂપ જે તારું સાધ્ય, ધ્યેય, લક્ષ હતું તે શુદ્ધ સહજાત્મસ્વરૂપમાં તો તું હવે સ્થિત થઈ ચૂકયો છે, એટલે હવે જુદી એવી એવંભૂતદૃષ્ટિ રહી નથી. દૃષ્ટિ અને સ્થિતિ બન્ને એકરૂપ–એકાકાર થઇ ગયા છે, એકમેકમાં સમાઇ ગયા છે, તન્મય થઇ ગયા છે; એટલે હવે એનું અલગ–જુદું ગ્રહણ કરવાપણું રહ્યું નથી. 'દૃષ્ટિ પ્રમાણે સૃષ્ટિ' તેં ઉત્પન્ન કરી દીધી છે માટે હે પરબ્રહ્મ! હવે તે એવંભૂતદૃષ્ટિને પણ શમાવી દે, કારણ કે તે તું જ છો! દૃષ્ટિ અને સ્થિતિની એકરૂપતારૂપ પરમસિદ્ધ અભેદરૂપ, પરમનિશ્ચયરૂપ પરમયોગદશાને તું પામ્યો છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# આ. શ્રી સિદ્ધસેન દિવાકરસૂરિના ઉપલબ્ધ ગ્રંથોનો ટૂંક પરિચય
# ( દ્વાત્રિંશદ્દ્વાત્રિંશિકા–બત્રીશ બત્રીશીઓ )

**લે૦–આચાર્યશ્રી વિજયપદ્મસૂરિજી મહારાજ**

( ગતાંક પૃષ્ઠ ૧૦ થી ચાલુ )

અઢારમા શ્લોકમાં વિષયસેવનમાં અને વિષયત્યાગમાં મનોવ્યાપારની જ પ્રધાનતા છે. એટલે વિષયના કડવા વિપાક જાણતાં તે ઉપર જો અરુચિભાવ થયો, તો તેનો ત્યાગ કરતાં વાર લાગતી જ નથી. અને એથી ઊલટું કરનારા જીવો કાયાદિથી નથી સેવતાં છતાં પણ મનથી જ વિષયસેવનજન્ય ચીકણાં કર્મ બાંધે છે. તેવા માનસિક વિચારોને ઉત્પન્ન કરનાર, ટકાવનાર અથવા વધારનાર નિમિત્તોની સૂક્ષ્મ દૃષ્ટિથી જરૂર તપાસ કરવી જોઈએ. વગેરે બીના જણાવી હોય તેમ લાગે છે. તે શ્લોક આ પ્રમાણે જાણવો.

**मनसोऽपैति विषयान्, मनसैवातिवर्त्तते ।**
**किमेवं बहु...रं वा, शरीरे बहिरेव वा ॥ १८ ॥**

( અર્થ ઉપર કહ્યો છે ).

ઓગણીશમા શ્લોકમાં જણાવ્યું છે કે–અહંકારની ઉત્પત્તિમાં મમત્વ કારણ નથી પણ ખરી બીના એ છે કે–અહંકારથી મમતા પ્રકટે છે, કારણ કે અહંકારની હયાતીમાં જ તેનો સંભવ છે. માટે સમજવું જોઇએ કે–ખરૂં દુઃખનું કારણ–અહંકાર છે. તેનો ત્યાગ એ જ ખરો સુખનો માર્ગ. એ વાત દિવાકરજી અહીં રહસ્યરૂપે જણાવે છે. તે શ્લોક આ—

**न ममत्वादहंकारस्तस्मात्तु ममता मता ।**
**संकल्पाव्यभिचारित्वात्तस्मिन्नेवाशिवास्पदम् ॥**

ઉપર જણાવ્યા પ્રમાણે સર્વ દોષોનું મૂલ અહંકારનો નાશ શાથી થાય ? આ પ્રશ્નનો ખુલાસો કરતાં વીશમા શ્લોકમાં જણાવે કે-**'नाहमस्मीति'** એટલે-હું લક્ષાધિપાત વગેરે સ્વરૂપવાલો નથી. આ ભાવનાને ભાવ સ્વરૂપે અને અભાવ સ્વરૂપે સમજવાથી જરૂર અહંકાર નાશ પામે છે. એમ કહી શાંતિનું ખરૂં સ્વરૂપ વગેરે પણ જણાવી દીધું છે. તે શ્લોક આ પ્રમાણે—

**नाहमस्मीत्यभावो वा, भावो वाऽभ्युपगम्यते ।**
**प्रपञ्चो परमः शांति–रव्युच्छित्तेरशून्यता ॥२०॥**

એકવીશમા શ્લોકમાં સુખ–દુઃખની વ્યાખ્યા વગેરે જણાવી ૨૭મા શ્લોકમાં જણાવે છે કે—

**यथागदपरिज्ञानं, नालमामयशांतये ।**
**अचारित्रं तथा ज्ञानं, न बुद्धयध्यवसायतः ।२७।**

જેમ રોગને જાણવા માત્રથી તેની શાંતિ ન થાય પણ જેમ અહીં રોગને દૂર કરવા માટે જ્ઞાનની સાથે આશયશુદ્ધિ આદિ ક્રિયાની જરૂર છે તેવી રીતે કર્મરોગને દૂર કરવા માટે ચારિત્ર રહિત જ્ઞાન નકામું છે; એટલે જ્ઞાન ક્રિયાથી જ કર્મરોગ નાશ પામે છે. ઈત્યાદિ બીજી પણ અપૂર્વ બીના આ બત્રીશીમાં માર્મિક રીતે જણાવી છે.

અઢારમી બત્રીશીના પહેલા શ્લોકમાં અનુશાસનના સાધનો, બીજા શ્લોકમાં અનુશાસન કરનારના સૌમ્યતા, તેજ, કરુણા, બાહ્યશૌચ, અભ્યંતરશૌચ, અધ્યાત્મ વગેરે ગુણો જણાવ્યા છે. વીશમી દ્વાત્રિંશિકામાં–દિવાકરજી મહારાજે શરૂઆતમાંજ જણાવ્યું છે કે જ્ઞાનાદિ લક્ષ્મીથી વધતા શ્રી વર્ધમાન પ્રભુનું શાસન દરેક પદાર્થને અંગે ઉત્પાદ–વ્યય–ધ્રૌવ્ય–દ્રવ્ય ગુણ-પર્યાયનું સ્વરૂપ જણાવનાર હોવાથી તે ( જિન

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# યાત્રાના નવાણું દિવસ

લેખક—**મોહનલાલ દીપચંદ ચોકસી**

## ૧. જ્ઞાન અને ક્રિયા.

મહાનુભાવ, તમો વખતસર આવી ગયા છો. પ્રાતઃકાળમાં આ ગિરિરાજ પર કોઈ અનેરી ખુશનુમા છવાય છે. એની સ્ફુર્તિ કોઇ અજબ પ્રેરણા પાય છે. એ સમયમાં મનન-ચિંતન કરવામાં ગમ્મત આવે છે.

ગુરુમહારાજ, આપ સાથે ગઈ કાલની વાતથી જ મને તો રસ પડ્યો છે. જરૂર હું નિર્દિષ્ટ સમયમાં હાજર થઇ જવાનો.

વાતનો આરંભ કરતાં મારે કહેવું જોઇએ કે પૂજ્ય શ્રી તીર્થંકરદેવોએ કહેલું અને વિદ્વાન્ ગણધર મહારાજાના હાથે એની ગુંથણી થયેલી–એવું અંગ સાહિત્ય અને પાછળથી પૂર્વાચાર્યોની કલમથી એ ઉપર થયેલ ટીકાટિપ્પણ–એ સર્વ પુસ્તકારૂઢ તો ભગવાન મહાવીરસ્વામીના નિર્વાણ પછી લગભગ હજાર વર્ષે થયું. એ દરમિયાન અવસર્પિણી કાળના કારણે સ્મરણશક્તિની ન્યૂનતાને લઇ ઘણું વિસરાઈ ગયું. દેશમાં પડેલા મોટા દુકાળો અને ધાર્યા સમયમાં શ્રમણવર્ગ એક સ્થાને એકત્ર ન થઈ શકયો એ કારણથી પણ કેટલુંક ભૂલાઇ ગયું. પાછળથી જેટલી શક્તિ હતી એના જોરે બનતાં ઉપાયો સેવી પૂજ્ય શ્રી દેવર્દ્ધિગણિ ક્ષમાશ્રમણે એ સર્વની નોંધ કરી લીધી. જ્યાં પરિસ્થિતિ આ પ્રમાણે હોય ત્યાં સંભવ છે કે પાઠભેદ અને મતાંતર સંભવે જ. કેટલીક બાબતોનો પૂરો મેળ ન પણ મળે. થોડીકમાં પુનરાવર્તનનો દોષ સંભવે અને લખતી વેળા સાલવારીનો ક્રમ ન પણ સચવાય.

આમ છતાં મારે ભાર મૂકીને કહેવું જોઇએ કે જે સાહિત્ય ઉપલબ્ધ છે તે વિશાળ છે એટલું જ નહીં પણ હરકોઇ જિજ્ઞાસુની તૃષાને છીપાવી આત્મકલ્યાણના પંથે એને સરલતાથી લઈ જાય તેવું છે.

સાહિત્યનો સંગ્રહ ચાર પ્રકારે થયેલો છે. અનુયોગના નામે તે ઓળખાય છે. ૧. દ્રવ્યાનુયોગ, ૨. ગણિતાનુયોગ, ૩. કથાનુયોગ, ૪. ચરણકરણાનુયોગ. સમજાય તેવી ભાષામાં કહું તો પ્રથમમાં તાત્વિક વિષય, બીજામાં ખગોળ-ભૂગોળ વિ૰, ત્રીજામાં કથા-વાર્તા અને ચરિત્રો જ્યારે ચોથામાં અમલમાં મૂકવાની ક્રિયા, કરણી કે વિધાન. આપણા વાર્તાલાપમાં અવારનવાર

---

શાસન ) ઉત્પાદાદિના સંગ્રહવાળું છે. તે શ્લોક આ પ્રમાણે—

**उत्पादविगमध्रौव्य-द्रव्यपर्यायसंग्रहम् ॥**
**कृत्स्नं श्रीवर्धमानस्य, वर्धमानस्य शासनम् ॥१॥**


ચોથા શ્લોકમાં દિવાકરજી જણાવે છે કે–તમામ વાદીઓની પરિસ્થિતિ વિચારતાં છેવટે એ નિર્ણય થાય છે કે–તેઓ સ્વપક્ષસિદ્ધિ આદિ પ્રસંગે વિવિધ પ્રમાણનો આશ્રય જરૂર લ્યે છે, છતાં વિવિધ નામ–આશયભેદથી વિવાદ કરે છે. છઠ્ઠા શ્લોકમાં જે જ્ઞાનથી કે આચારથી જે દોષ શાંતિ પામે નાશ–પામે, તે જ્ઞાન કે તે આચારને તે દોષની શાંતિના ઉપાય જાણવા વગેરે બીના જણાવી સાતમા શ્લોકમાં જણાવે છે કે–સંસારના કારણો જેટલા છે તેટલા કારણો નિર્વાણના છે. આ વચન ગંભીરાર્થવાળું હોવાથી અપેક્ષાદૃષ્ટિને લક્ષ્યમાં રાખીને દિવાકરજીએ બહુજ ટૂંકામાં સૂત્રરૂપે જણાવ્યું છે. બારમા શ્લોકમાં બૌદ્ધદર્શનાદિને લગતા વિચારને અંગે કંઇક નિર્દેશ કરતાં હોય તેમ જણાય છે. તેવી પ્રરૂપણા સમ્મતિના ત્રીજા કાંડની ૪૮-૪૯ માં ગાથામાં પણ કરી છે.

—( ચાલુ )

For Private And Personal Use Only

એ અનુયોગો આવવાના જ. હું તો માત્ર સામાન્ય સ્વરૂપે જ એ વિષય ચર્ચવાનો. સૂક્ષ્મતાથી જાણવા સારુ, વિસ્તૃત રીતે વિચારવા સારુ તો પૂર્વાચાર્યોરચિત ગ્રંથોનું પારાયણ કરવું જરૂરી લેખાય.

ચેતન માત્રમાં ઉપયોગ હોવાનો જ કેમકે જીવત્વના લક્ષણની વ્યાખ્યામાં તેનો સમાવેશ થાય છે. ઉપયોગપૂર્વકની કરણીના મૂલ્ય ઝાઝેરા જાણ્યા છતાં જીવો રજસવૃત્તિથી કિંવા ઓઘ સંજ્ઞાથી ઘણીવાર કરણી કરતા દૃષ્ટિગોચર થાય છે અને એથી યથાર્થ ફળ મેળવી શકતા નથી.




ઉપયોગનો કોઠો જોતાં જણાશે કે એના બે પાત્રો જ્ઞાન અને દર્શન જીવનને ઉન્નત્ત બનાવવામાં મહત્વનો ભાગ ભજવે છે. આત્માના મૂળ ગુણ હોવા છતાં કર્મોના આવરણથી ઘેરાયેલ જીવ એને પિછાની શકતો નથી. જેટલા પ્રમાણમાં એ આવરણોથી છૂટા થાય એટલા પ્રમાણમાં ઉત્ક્રાંતિની કૂચ આગળ લંબાય.

ઉપરની વાત ધ્યાનમાં રાખી નિમ્ન ટંકશાળી વચનો વિચારતાં પ્રભુશ્રી મહાવીરદેવે જ્ઞાનને જ લોકાલોકપ્રકાશકર કહ્યું એ પાછળનો આશય ધ્યાનમાં આવશે.

**ज्ञानक्रियाभ्यां मोक्षः किंवा नाणकिरियाहिं मोक्खो ॥**

અર્થાત્ જ્ઞાન અને ક્રિયાવડે જ મુક્તિ બતાવી. એમાં જ્ઞાનની મુખ્યતા સકારણ છે. જાણ્યા કે સમજ્યા વિનાની કરણીના મૂલ્ય બરાબર બેસતાં નથી જ. કહ્યું છે કે—

**हतं ज्ञानं क्रियाहीनं, हता अज्ञानतः क्रिया ।**
**पश्यन् पङ्गुलो दग्धो, धावमानश्च अन्धकः ॥**

આચરણ વિનાનું જ્ઞાન નકામું છે અર્થાત્ પાંગળું છે, અને સમજ્યા વગરની કરણી પણ નકામી છે એટલે કે આંધળી છે. એકાએક આગ લાગે તો પાંગળો અને આંધળો દોડવા લાગે છતાં જંપલાયા વગર ના રહે. પાંગળો દોડી શકે નહીં અને આંધળાને માર્ગ જડે નહીં. ઉભય જો સંપર્ક સાધે તો જરૂર બચી જાય. પાંગળો આંધળાના ખભે ચઢી, માર્ગ બતાવતો દોરે અને આંધળો એ પ્રમાણે ગતિ કરે તો બન્નેનું કામ થાય. જેમ એક પૈડાથી ગતિ સંભવતી નથી પણ બે ચક્રથી જ રથ ચાલી શકે છે તેમ એકલા જ્ઞાનથી કે એકલી ક્રિયાથી કંઇ શુકરવાર વળતો નથી. ઉભયની અગત્ય છે.

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir
For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પ્રથમ જ્ઞાનની મહત્તા સમજી લઇએ.

ઉપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજ કહે છે કે—

**अन्नाणसंमोहतमोहरस्स ।**
**नमो नमो नाणदिवायरस्स ॥**

અર્થાત્ અજ્ઞાન અને સંમોહરૂપી અંધકારને હરણ કરનાર એવા જ્ઞાનરૂપી સૂર્યને મારા વંદન હો.

ભવ્ય નમો ગુણ જ્ઞાનને, સ્વપરપ્રકાશક ભાવેજી;
પર્યાય ધર્મ અનંતના, ભેદાભેદ સ્વભાવેજી.
નવપદપૂજા૦

આગળ વધીએ તો સમ્યગ્ જ્ઞાન પૂજાની ઢાળમાં–
પ્રથમ જ્ઞાન ને પછી અહિંસા, શ્રી સિદ્ધાંતે ભાખ્યું;
જ્ઞાનને વંદો જ્ઞાન મ નિંદો, જ્ઞાનીએ શિવ-
સુખ ચાખ્યું.

સકળ ક્રિયાનું મૂળ જે શ્રદ્ધા, તેહનું મૂળ જે કહિયે;
તેહ જ્ઞાન નિત નિત વંદીજે, તે વિણ કહો
કેમ રહિયે?

ઉપર મુજબ જ્ઞાનની મહત્તા ગાનાર ઉપાધ્યાયજી એકલા જ નથી. પૂજ્ય શ્રી વિજયલક્ષ્મીસૂરિ પણ એમાં જ સૂર પૂરે છે.

' મનથી ન જાણે રે કુંભકરણ વિધિ,
તેહથી કુંભ કેમ થાશે રે?
જ્ઞાન દયાથી રે પ્રથમ છે નિયમા,
સદ્ભાવ વિકાશે રે.
જ્ઞાન ભર્યા ભરતાદિક ભવ તર્યા,
જ્ઞાન સકળ ગુણ મૂળ રે.

દૂર શા સારુ જવું? ખુદ ચરમ તીર્થપતિ જ્ઞાતકુળનંદન શ્રીમુખે પંચમીના ચૈત્યવંદનમાં જણાવે છે કે—

જ્ઞાન વિના પશુ સરિખા, જાણો એને સંસાર;
જ્ઞાન આરાધનથી લહે, શિવપદ સુખ શ્રીકાર.
જ્ઞાની શ્વાસોશ્વાસમાં, કઠીણ કર્મ કરે છેહ,
પૂર્વ કોડી વર્ષાં લગે, અજ્ઞાને કરે તેહ.
દેશ આરાધક ક્રિયા કહી, સર્વ આરાધન જ્ઞાન;
જ્ઞાનતણો મહિમા ઘણો, અંગ પાંચમે ભગવાન.

આમ Knowledge is power એ તો સર્વત્ર સ્વીકૃત છે, તો ગુરુદેવ દર્શનનું શું? ' **ज्ञानदर्शनचारित्राणि मोक्षमार्गः** ' એ પણ સૂત્રકારનું વચન છે ને?

# સુવર્ણ રજ

પ્રથમ પગથીએ પાપનું ભાન થવું, બીજે પગથીએ પાપ કર્મનો પશ્ચાત્તાપ કરવો, ત્રીજે પગથીએ પાપમાંથી નિવૃત્તિ થવી, ચોથે કુસંગથી ઉપશમ થવું, પાંચમે પગથીએ સત્સંગમાં પ્રીતિ થવી, છઠ્ઠે ભગવાનનાં નામમાં રુચિ થવી અને ગામ કુથલીમાં અરુચિ થવી, સાતમે પગથીએ આંતરિક ભાવોનો ઉદય અને આઠમે પગથીએ પરમાત્માની ભક્તિ જાગ્રત થવી એ ભકતોના સતત્ પ્રયાસો છે.

× × ×

ભકતો સંસારમાં રહેવા છતાં પ્રભુજીને પોતાનું સર્વસ્વ અર્પણ કરી પ્રભુમય જીવન ગાળે છે. ધન્ય છે તે ભકતોને કે જે પ્રભુની ખાતર પોતાનું સર્વસ્વ તન, મન, ધન અર્પણ કરી ચૂકયા છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ધર્મ....કૌશલ્ય



## છતાં અહિત ? Still wickedness.

**ઘડપણ સામે ધમકી આપતું ખડું રહેલું છે, રોગો તો જાણે પાકા વેરી હોય તેમ શરીર સામે પ્રહાર કરી રહ્યા છે, અને તડ પડેલા ઘડામાંથી પાણી ટપકે તેમ આઉખું સરતું જાય છે, છતાં લોકો (પોતાનું કે પારકું) અહિત આચર્યે જાય છે, એ તો ભારે નવાઈની વાત છે.**

**માણસનું જોર ત્રણ બાબતનું** હોઇ શકે. હું જુવાનજોધ છું, હું ઋષ્ટપુષ્ટ પહેલવાન છું, હું અહીંનો અમરપટ્ટો લખાવી લાવ્યો છું, એના પેટામાં મારે ઘરનાં ઘર છે, મોટી જમીનદારી છે, મારે નોકરચાકર, સગાંસંબંધી પરિજનોની હૂંફ છે. આવી આવી બાબતો આવે. પછી તો એ તોરમાં ફરે, માથે ફેંટા ઉપર તોરા ચઢાવે, પગે ધમધમાટ કરતો ચાલે, ચમચમ કરતાં જોડાંને દાબી દાબીને ઘુમાવતો જાય, માથે તેલ ધૂપેલ નાખે, આંખમાં આંજણ આંજે, છાતી કાઢીને રોફ મારે વગેરે. પણ એ જરા વિચાર કરે ત્યારે એને માલૂમ પડે છે કે આમ છાતી કાઢીને ચાલવાનો અને મનમાં આવે તેવું બોલી નાખવાનો કાંઇ અર્થ નથી. પછી એને વિચાર આવે છે કે આ જુવાનીનો **લટકો** તો **ચાર દહાડાનો** છે. જેવી ઇંદ્રિયો શિથિલ થવા માંડી, આંખ કાનનું તેજ ઘટવા માંડયું, પગલાં આડાંઅવળાં પડવા માંડ્યાં કે બધું સાતડે સાત થઇ જશે અને સામે **ઘડપણ** ડોળા ઘૂરકતું ઊભું જ છે. પછી આજનો રંગ, આજનો ઓપ કે આજનું ધમસાણ ટકવાનું નથી.

અને એક ઘડપણનો વિચાર આવે ત્યાં તો તેની નજરમાં અનેક **રોગો** ખડા થઇ જાય છે. હાથપગમાં વા, ઘૂંટીનાં સાંધાની અકડાઇ, પક્ષઘાત, પરાધીનતા, કાનની બહેરાશ અને આંખનાં અંતાળા–આ સર્વ તેની નજર આગળ ખડા થઈ જાય છે, એ બીજા બુજર્ગોના હાલહવાલ નજરે જુએ છે, બીજા વ્યાધિગ્રસ્તોના વ્યાધિઓ, રોગો અને દરદોની હારની હાર જુએ છે, એ શ્વાસ, દમ, સન્નેપાત, ટાઇફોઇડ, ન્યુમોનીઆ અને કોલેરાના કેર જુએ છે અને એ વ્યાધિઓ તો સામે ઊભા છે એમ એ જાણી વિચારમાં પડી જાય છે.

અને પછી ઘરના ઘર અને ઘરના કારખાના, દુકાન, મેડી અને ઓફિસને પોતાનાં માની કરેલ કલ્પનાઓની જાળોની સામે એને દેખાય છે કે આ તો દરરોજ એક દિવસ આઉખામાંથી ઘટતો જ જાય છે. ત્યારે આ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આવી આફતને આરે ઊભેલ પોતાને નિરાંત શેની ? અને કેમ હોઇ શકે ? અને આંખે ઊંધા પાટાની ગણતરી પાછળ પોતે ખોટો દોરવાઇ ગયો છે એમ લાગે !

ત્યારે પછી આ પારકા ઉપરના ખાર શેના ? અને જીવજાન વેર કેવા ? અને પારકાની ચાડીચૂગલી કે નિંદા શા માટે કરવી ? અહીં કોણ બેસી રહેવાનું છે ? અને પાંચ પચીશ વર્ષની રમત ખાતર આ બધી વિટંબણા શા માટે ? કોને માટે ? એને કોણ ભોગવશે ? અને ભોગવી ભોગવીને કેટલું ભોગવશે ? જ્યારે કાકાનો સપાટો લાગશે અને ગળામાં હાંસડી પડશે ત્યારે એક ચાબખાના સપાટા સાથે આખી બાજી ખોઇ બેસવાની છે, મૂકી દેવાની છે, ન ગમે તોપણ છોડવી પડવાની છે ! તો પછી આવું અહિત કરનાર, નુકસાનકારક કામ કોઇથી પણ કેમ થાય ? પોતે પારકાનું અહિત કરે તેમાં પણ અંતે તો પોતાનું જ **અહિત** થાય છે અને જ્યાં અહીં રહેવાનાં જ ઠેકાણાં નથી, જ્યાં આખી ગણતરી જ ખોટા પાયા પર રચાયલી છે, જ્યાં હાલતાં ચાલતાં રોગોની પરાધીનતા સામે ખડી જ છે ત્યાં આવાં ખોટા રસ્તાને કેમ અપનાવાય ? સમજુ માણસ આવા અહિતને માર્ગે પડે એ તો ખરેખર નવાઇની વાત ગણાય. માથે ચાલી આવતી જરાનો વિચાર કરીને, રોગોના પડતા પ્રહારોને અવલોકીને અને દરરોજ ઘટતા આયુષ્યને વિચારીને ડાહ્યો માણસ પોતાનો વિકાસ બગાડી નાખે એવા ‘ અહિત ’ ના કામને ન જ આદરે. અને એવા કામમાં રસ લે તો એના ડહાપણની કિંમત થઇ જાય.

---

व्याघ्रीव तिष्ठति जरा परितर्जयन्ती,
रोगाश्च शत्रव इव प्रहरन्ति देहम् ।
आयुः परिस्रवति भिन्नघटादिवाम्भो,
लोकस्तथाप्यहितमाचरतीति चित्रम् ॥

ભર્તૃહરિ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



( ૪૨ )

## પ્રકૃતિસિદ્ધ મહત્તા. Innate greatness.

**જેઓ પોતાના સ્વભાવથી જ લોકોમાં ઉત્તમ હોય છે,**
**તે કદાચ મરણને સ્વીકારશે, પણ ખોટો માર્ગ તો નહિજ આદરે.**

**મહત્તા** દુનિયામાં બે પ્રકારની હોય છે. એક સ્વભાવસિદ્ધ, જન્મથી સહચારી અને બનાવટ દંભ કે દેખાવના રંગ વગરની પ્રકૃતિજન્યા અને બીજી બાહ્ય આડંબરી, લદાયલી, કૃત્રિમ, ઔપચારિક. ધાંધલીઆ મોટા માણસો મહાન દેખાય, કોઈ કોઈવાર મોટાં માનપત્રો મેળવે, ગામ શહેર કે સંસ્થામાં આગળ પડતો ભાગ લે અને કોઇ કોઈ કાર્ય સેવાભાવે પણ બજાવે, પણ એ મહત્તાનો કસ નીકળે, કસોટી થાય ત્યારે ખરે વખતે એની મહત્તા સુકાઈ જાય છે, એની મોટાઇ સરકી જાય છે અને એ સામાન્ય ભૂમિકા પર આવી જાય છે અને કોઇ વાર તો તેથી પણ નીચો ઊતરી જાય છે. આ આડંબરી મહત્તાની અત્ર વાત નથી. એવા ટેટના નકલી હીરા ઝળકતા દેખાય, પણ એમાં અંદર પાણી ન હોવાથી એને ઝાંખા પડતા વાર લાગતી નથી. એ જેમ પાણીમાં પડે કે એનું તેજ ઝાંખું થઈ જાય છે અને પછી એના પર ગમે તેટલા બ્રશ કે સેમોઈલેધર લગાડવામાં આવે, પણ એ તેજ ધારી શકતા નથી, બતાવી શકતા નથી અને પોતાની જાતને અવગણનાના અંધકાર પાછળ ધકેલી દે છે. આવી **કૃત્રિમ મોટાઇ** લાંબો વખત ટકતી નથી, ટકે તો દીપતી નથી અને ઝગારા મારે તોપણ અંતે ને આખરે એનો વિનાશ થાય છે. સાચા કસ વખતે કે પાકી પરીક્ષા વખતે એનું **મૂલ્યાંકન મીંડામાં** થાય છે અને મેળવેલ કૃત્રિમ મહત્તા જાય છે ત્યારે મોટો કચવાટ પાછળ મૂકતી જાય છે.

બાકી જ્યાં **સ્વાભાવિક મહત્તા** હોય છે ત્યાં આખો આવિર્ભાવ અનેરો જ હોય છે એનો આખો ઉઠાવ જ જુદા પ્રકારનો હોય છે, એના સૌજન્યની સૌરભ અજબ મીઠાશ આપનારી હોય છે, એની વાતચીતમાં ઓર પ્રકારની ખાનદાની હોય છે, એના વિવેક કે સભ્યતામાં ભાત પાડે તેવી નિર્મળતા હોય છે, એના વિચારદર્શનમાં આદર્શ પ્રૌઢતા હોય છે, એની ચાલમાં ભાવભર્યો પ્રતાપ હોય છે, એની બોલીમાં ફૂલ કે મોતી ઝરતાં હોય છે અને એના વાતાવરણમાં આહ્‍લાદજનક કાંતિ શાંતિ અને સોરમ પ્રસરતી હોય છે. એના જીવનના કોઈપણ પ્રકારમાં ખૂબ ખેંચાણ હોય છે, એના સંસર્ગમાં ઉન્નતતા હોય છે, એના પરિચયમાં હૃદયંગત પ્રેમના ચમકારા મારતા હોય છે અને એની સાથે કામ પાડવામાં મન વિકાસ પામતું રમણ કરી રહે છે. આવા પ્રકૃતિસિદ્ધ મહાન પુરુષો સામે ગમે તેવી લાલચ આવે, ગમે તેટલા તાત્કાળિક લાભના પ્રસંગો આવે અને ગમે તેવી સાચી ખોટી દલીલો કે દાખલાઓ બતાવવામાં આવે-એવા સિદ્ધ મહાપુરુષને સાચે માર્ગેથી ચાતરી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શકાય નહિ, એ તરડાય પણ નહિ કે આડી નજરે એ નીચે રસ્તે ઊતરે નહિ.

એને કદાચ તાત્કાળિક નુકસાન ખમવું પડે, ભોગ આપવો પડે કે અવ્યવહારુપણાનો આક્ષેપ સહન કરવો પડે, તો તે **ખમશે,** પણ એ મોટાઇનો ત્યાગ નહિ કરે, એ પોતાની સગવડનો ભોગ આપે, પૈસાનો લાભ જતો કરે અને જરૂર પડે તો પોતાનો લાભ જતો કરે, પણ એ ન્યાય માર્ગને છોડે નહિ, પોતાનાં આદર્શોને જતાં કરે નહિ, લાગણીને વશ બની જાય નહિ અને પોતાની પ્રજા-સંતતિને વારસો ન આપવાની કે ઓછો આપવાની સ્થિતિમાં પણ એ પોતાની જાતને વેચે નહિ. એને મનમાં ન્યાય, સત્ય, સહાનુભૂતિ, મૈત્રી એવાં તો જામી જચી ગયેલા હોય છે કે એનાથી સ્વભાવતઃ બીજું કાંઇ થાય નહિ, બીજું આડુંઅવળું કે ગોટાળું કરવાનો એના મનમાં સંકલ્પ પણ થાય નહિ અને એના સદાચરણ કે વિવેકી વર્તનમાં તલતુષનો ફેર ન પડે.

ગમે તેમ થાય, પણ એ પોતાની જાતને હલકી પડવા દે જ નહિ. એ ગમે તેટલી યાતના ખમે, ટીકા ખમે, નુકસાની ખમે, પણ એ ગમે તેટલા ભોગે પણ સાચા માર્ગને છોડે નહિ અને અન્યાય કે અયોગ્ય માર્ગે ગતિ કરે નહિ. આવા પુરુષોથી પૃથ્વી પાવન છે, આવા પુરુષોથી પરિચયી પોતાને ધન્ય માને છે અને આવા વિશિષ્ટ મહત્તાશાળીને પગલે પગલે પ્રગતિ થાય છે. સાચે રસ્તે ચાલવામાં પોતે કાંઇ વધારે પડતું કરતો હોય એમ એને લાગતું નથી. આવા ઉત્તમ પુરુષોનાં જીવન ધન્ય છે, એનો પરિચય પ્રમોદકારી છે, આનંદ નિર્વિકારી છે, વ્યવહાર ઉન્નતિકારી છે. આવા પ્રકૃતિથી મહાનનો આદર્શ સન્મુખ રાખે ને ધર્મકૌશલ્ય સમજી તેને પોતાના જીવનમાં ઉતારે.

**મૌક્તિક.**

**ये भवन्त्युत्तमा लोके, स्वप्रकृत्यैव ते ध्रुवम् । अप्यङ्गीकुर्वते मृत्युं, प्रपद्यन्ते न चोत्पथम् ॥**

**ભાવચંદ્રસૂરિ–શ્રી શાંતિનાથ ચરિત્ર.**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# વિશ્વશાન્તિનો સંદેશ.

એ તો સુપ્રસિદ્ધ જ છે કે-" જગતભરના પ્રાણીઓ સુખ અને શાંતિ ચાહે છે." છતાં આધુનિક કળિકાળની વિષમ **પરિસ્થિતિથી** માનવ સમાજ આપત્તિઓનાં અનેક વાદળાંઓથી ઘેરાઇ રહ્યો છે, જેમાં આપણા નિર્દોષ લાખો બંધુઓનાં જીવનો ઉપર કળિકાળની કાતીલ કાતરે કલ્પનાતીત હૃદયદ્રાવક કાપ મૂક્યો છે. ઉપસ્થિત કપરી પરિસ્થિતિના નિવારણ માટે '**તપ, પ્રભુપ્રાર્થના અને વિશ્વમૈત્રી**' એ ત્રણ ઉત્તમ ઉપાયો છે. તપ એ આવેલા અને આવતા ઉપદ્રવોને દૂર કરનાર અક્ષર વિનાનો મહામંત્ર છે. તપોબળથી યોગીશ્વરો વિશ્વને અનેક ચમત્કારોથી ચકિત કરી શકે છે. તપોબળથી શત્રુદળ બળહીન બની જાય છે અને સર્વત્ર ગગનભેદી વિજયનાદ પ્રસરે છે.

પરમપૂજ્ય જૈનાચાર્ય શિરોમણિ શ્રીમદ્ **વિજયનેમિસૂરીશ્વરજી મહારાજ** સાહેબના, (આ સાલ, ભાવનગરમાં ચાતુર્માસાર્થે બિરાજતા) પટ્ટધર શિષ્યરત્ન વિદ્વચ્છિરોમણિ પૂજ્ય આચાર્યશ્રીમદ્વિજય **લાવણ્યસૂરીશ્વરજી મહારાજ**શ્રીજીએ, વિશ્વની શાંતિ નિમિત્તે વર્તમાન ભયંકર પરિસ્થિતિની નિવૃત્તિ અર્થે, ઓછામાં ઓછા એક મહિના સુધી તપ કરવાનો ઉપદેશ આપ્યો હતો, જેને હજારો માનવોએ સહર્ષ વધાવી લીધો હતો. આ તપમાં રસકસ વિનાનું લૂખું ભોજન કરવાનું હોય છે, તે પણ ૨૪ કલાકમાં ફકત એક જ વખત, જેને જૈનો '**આયંબિલ**' તપ કહે છે.

સાથોસાથ મહારાજશ્રીએ, જગતના સકલ પ્રાણીઓની સાથે ભ્રાતૃભાવ-ભાઇચારો કેળવવા માટે પણ સૌ કોઇને હાકલ કરી હતી, જેમાં જણાવ્યું હતું કે-" દુનિયાના તમામ પ્રાણીઓને પોતાનું જીવન વહાલું છે અને દુઃખ કે મૃત્યુ કોઇપણ પ્રાણી સ્વપ્નમાં પણ ચાહતો નથી, માટે સમગ્ર વિશ્વના સકલ જીવોને પોતાના માનો. 'આ મારો ને આ પારકો' એવી સંકુચિત વિચારણાને આજથી જ દફનાવી દ્યો. 'સમગ્ર વિશ્વ મારું છે અને સમગ્ર વિશ્વનો હું છું.' આવી વિશ્વમૈત્રી હૃદયપટમાં આલેખો, અને પ્રાણી માત્રને તમારા તરફથી 'અભયદાન' આપો. આપણા સીદાતા-દુ:ખી-નિરાધાર-ઘરબાર વિનાના-વિખૂટા પડેલા બંધુઓને તન મન ને ધનથી શકય મદદ કરો. પરોપકારથી જીવનને પાવન કરો. પરોપકારિતામાં જ જીવનની સફલતા છે. આવી વિશ્વબંધુપણાની ભાવના જ્યારે લાખો માનવોના માનસોમાં એકી સાથે જાગૃત થશે ત્યારે કુદરત અદલ ઇન્સાફ આપીને સ્વયં વિશ્વશાંતિને સ્થાપશે જ. અને લાખો માનવોની પવિત્ર ભાવનાનાં શુદ્ધ આંદોલનોથી શાંતિનો માણેકસ્તંભ વિશ્વમંડપમાં રોપાશે અને વિષમ તેમજ વિકટ વાતાવરણનાં વાદળાં જોતજોતામાં વિખરાઇ જશે."

હવે, ભારતવાસી દરેક ધર્મના અનુયાયી દરેક બંધુને અમારી એકસરખી સાદર નમ્ર વિનંતિ છે કે,-ઉપસ્થિત થયેલ ઉપદ્રવના નિવારણ માટે 'તપ કરો, જપ કરો, આપણા બંધુઓ દુ:ખથી શીઘ્ર મુકત થાય તેવી પ્રભુ પાસે પ્રાર્થના કરો. વિશ્વમૈત્રીભાવથી સૌ કોઇને પોતાના તરીકે અપનાવો અને વિશ્વની શાંતિમાં તન મન ને ધનનો યથાશક્તિ ફાળો આપો. વિશ્વની શાંતિ ને ઉન્નતિમાં જ આપણી શાંતિ તેમજ આબાદી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# વર્તમાન સમાચાર



**ભારતવર્ષ ( આઝાદ ) સ્વતંત્ર થયાની ખુશાલીમાં આ સભાએ તા. ૧૫-૮-૪૭ ના રોજ ઉજવેલ મહોત્સવ.**

ઉપરોક્ત દિવસે સભાના મકાનને ધ્વજા, તોરણો વગેરેથી લાઇટ સાથે શણગારવામાં આવ્યું હતું અને તા. ૧૪-૮-૪૭ તે માટે ખાસ આ સભાની મેનેજીંગ કમીટી બોલાવવામાં આવી હતી અને નીચે પ્રમાણે ખુશાલીનાં ઠરાવો કરવામાં આવ્યા હતાં.

૧. ઉપરોક્ત મહોત્સવ માટે સેક્રેટરીઓ તરફથી વિવેચન કરવામાં આવ્યું કે કોમી વેર, ઝેર મટી સર્વત્ર શાંતિ પથરાય, હિંદની સર્વ પ્રજા એકમેક થઇ પ્રમાણિક સ્વતંત્રતા દેશમાં વ્યાપે અને અહિંસા ધર્મનો આખા ભારતમાં ધ્વજ ફરકાય તે માટે પ્રથમ પરમાત્માની પ્રાર્થના કરવામાં આવી હતી.

૨. આ માંગલિક દિવસની યાદગીરી નિમિત્તે સભાના સાધારણ ખાતેથી આજના ખુશાલી પ્રસંગે રૂા. ૧૦૦૦) જમે કરી દર વર્ષે તેનું વ્યાજ ટકા ચાર લેખે સભાએ આપવું અને તે રકમ આ તારીખે દર વર્ષે આપણા સાધર્મી બંધુઓને રાહત માટે વાપરવી. આ સભા પેટ્રન સાહેબો તથા લાઇફ મેમ્બરો પણ આ ઉત્તમ કાર્યમાં પોતાનો ફાળો આપી કૃતાર્થ થાય અને આ ફંડમાં વિશાળતા માટે જૈન સમાજના કોઇ પણ બંધુને તેની ખુશાલી નિમિત્તે તે ફંડમાં કંઇ મોકલવું હોય તો સભા ઉપર મોકલી આપે તેનો સ્વીકાર કરવો તે રીતે ઠરાવ કરવામાં આવ્યો હતો.

૩. આ મહોત્સવની ખુશાલી નિમિત્તે આવતી કાલે સભાના નોકરોને બોણી આપવી તેમ ઠરાવવામાં આવ્યું.

૪. કલમ બીજીમાં બતાવ્યા પ્રમાણે રૂા. ૧૦૦૦)નું વ્યાજ આવતી સાલ ઉપજે ત્યારે ઉપયોગ થાય માટે આજથીજ તેની શરૂઆત કરવા માટે રૂા. ૫૧) અંકે એકાવન આવતી કાલે તા. ૧૫-૮-૪૭ નાં દિવસની ખુશાલી નિમિત્તે આપણા જરૂરિયાતવાળા સ્વામીભાઇઓને સહાય તરીકે આપી આજથી તેની શરૂઆત કરીને અમલ કરવો.

ઉપર પ્રમાણે સભાની મેનેજીંગ કમીટીએ પરમાત્માની જય બોલાવ્યા પછી સભાસદો હર્ષ સાથે વિદાય થયા હતા.

---

સમાયેલી છે, કારણ કે જૈન શાસ્ત્રકારો ફરમાવે છે કે-" અતિદીન, દુઃખી, અનાથ, અશરણ, નિરાધાર તેમજ દયાપાત્ર પ્રાણી કે જે જૈન હો કે જૈનેતર હો, નાનો હો કે મોટો હો, દુનિયાનો હરકોઈ પ્રાણી હો, તેને તન, મન ને ધનથી સહાય કરનાર **'જૈન મહાશ્રાવક'** કહેવાય છે.

આશા છે કે-પ્રેમભાવે પાઠવેલ વિશ્વશાંતિનિમિત્તક આ સંદેશને આપ સપ્રેમ-વધાવી લેશો. અને વિશ્વની શાંતિમાં આપનો ફાળો અભિવ્યક્ત કરશો. એજ વિનંતિ.

વિ. સં. ૨૦૦૩ ના ભાદરવા શુ. ૫. શુક્રવાર તા. ૧૯-૯-૪૭.

અમો છીએ આપના શ્રી ભાવનગર જૈન સંઘના સેવકો—

**જુઠાભાઇ સાકરચંદ વોરા**
**ખાંતિલાલ અમરચંદ વોરા**
**ગુલાબચંદ આણંદજી શાહ**
**ભોગીલાલ મગનલાલ શાહ**
**પરમાણંદ તારાચંદ વોરા**
**છોટાલાલ નાનચંદ શાહ**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## અમારી નિરંતરની ચિંતા.

પ્રાત:સ્મરણીય આચાર્યદેવશ્રી વિજયવલ્લભસૂરીશ્વરજી મહારાજ સપરિવાર ગુજરાનવાલામાં ચાતુર્માસ બિરાજમાન છે. ત્યાં ભયંકર સ્થિતિ હોવાથી આ સભાને નિરંતર ચિંતા થયા કરે છે, અને તે માટે ગુજરાનવાલા, અમૃતસર, લાહોર અને દીલ્હી, વડાપ્રધાન, મુંબઇ, શેઠ આણંદજી કલ્યાણજી વગેરે ઉપર અવારનવાર તારો અને પત્રો લખાયા જાય છે. છેલ્લા સમાચાર શેઠશ્રી આણંદજી કલ્યાણજી અમદાવાદથી તા. ૧૩-૯-૪૭ નાં રોજ મળેલ છે તે સમાજની જાણ માટે નીચે પ્રમાણે આપીએ છીએ.

### જૈન જનતાની જાણ માટે

બેરોડા બ્રોડકાસ્ટીંગ સ્ટેશન મારફત આચાર્ય મહારાજ **વિજયવલ્લભસૂરીશ્વરજી** મહારાજ સાહેબ વગેરે સાધુઓને સુખશાતા સંબંધમાં સમાચાર મંગાવેલા તે બ્રોડકાસ્ટીંગ સ્ટેશનવાળાને હોશીયારપુરથી તા. ૩-૯-૪૭ ના પત્રમાં ભોગીલાલ એમ. શાહ જણાવે છે કે:-મહારાજ શ્રી **વિજયવલ્લભસૂરીશ્વરજી** તથા તેમની સાથેના અન્ય સાધુ સાધ્વીજી ગુજરાનવાલામાં ક્ષેમકુશળ છે. ચોમાસું પણ ગુજરાનવાલામાં કરવાનું નક્કી રાખેલું છે. મહારાજશ્રી પાસે આપણા જૈન ભાઇઓ બસોએક છે. મહારાજશ્રીની બાબતમાં કોઇ પણ જાતની ચિંતા કરશો નહિં.

આપણા જૈન ભાઇઓને પણ કંઇ નુકશાન થયું નથી તેમ લખે છે. ગુરુમહારાજના પ્રતાપે ત્યાં શાંતિ છે. વધુ માહિતી સંબંધી શ્રી ગુલાબચંદ જૈન, નવ ગ્રહના દેરાસર, કીવારી બજાર પુછાવવા લખે છે.

### છેલ્લા તાર સમાચાર

સભાને તા. ૨૦-૯-૪૭ નાં રોજ શ્રીમદ્ વિજયવલ્લભસૂરીશ્વરજી મહારાજનો ખુદ પોતાનો જ નીચે મુજબ તાર ગુજરાનવાલાથી આ સભાને મળ્યો છે.

Safe uptill to-day will inform if starting Vallabhsuri.

આજદિન સુધી સહીસલામત છીએ. જો નીકળશું તો ખબર આપશું.

"વલ્લભસૂરિ"

### છેલ્લા તાર સમાચાર.

શ્રી વિજયવલ્લભસૂરીશ્વરજી મહારાજનો ખુદ પોતાનો તા. ૨૦-૯-૪૭ નો મૂકેલો અરજંટ તાર આજે તા. ૨૨-૯-૪૭ ના રોજ અમોને મળ્યો છે. જે નીચે મુજબ છે.

Shree Jain Atmanand Sabha Bhavnagar-Received to-day all well Samashri Khamana.

"Vallabhasuri."

તમારો તાર આજે મળ્યો. સર્વે સુખશાંતિમાં છીએ. સંવત્સરી ખામણા.

**શ્રી વિજયવલ્લભસૂરીશ્વરજી**

જૈન સમાજની જાણ માટે ઉપરના તાર સમાચાર પ્રગટ કરીએ છીએ. અમોને પણ આ સમાચાર જાણી ચિંતા ઓછી થઇ છે અને આનંદ થયો છે.

---

* હજી પણ ગુરૂદેવશ્રી વિજયવલ્લભસૂરીશ્વરજી મહારાજ સપરિવાર ત્યાંથી ક્ષેમકુશળ વિહાર કરી સહીસલામત સ્થાન પર ન જાય-પહોંચે ત્યાં સુધી ચિંતા મટે તેમ નથી.

મુનિરાજશ્રી વિકાસવિજયજી મહારાજશ્રીનો તા. ૨૫-૯-૪૭ નો અમૃતસરથી તાર છે તેમાં જણાવે છે કે આચાર્ય મહારાજશ્રી વિજયવલ્લભસૂરીજી ગુજરાનવાલામાં સુખશાતામાં છે.

શ્રી જૈન આત્માનંદ સભા-**ભાવનગર**

### ખેદજનક અવસાન.

સંઘવી મણિલાલ પોપટલાલ ભાવનગરનિવાસી કે જેઓ આ સભાનાં લાઇફ મેમ્બર હતા તેમનું બીજા શ્રાવણ સુદિ ૧૩ ને શુક્રવારના રોજ ખેદજનક અવસાન થયું છે. તેઓ મીલનસાર સ્વભાવના અને ધર્મશ્રદ્ધાળુ હતા. આ સભાના તેઓ ઘણા વર્ષોથી લાઇફ મેમ્બર હતા. સદ્ગત આત્માની શાંતિ ઇચ્છીએ છીએ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## ઇનામી નિબંધ.

"સામાજિક, રાજકીય અને ધાર્મિક દૃષ્ટિએ જૈન સમાજનું ભાવી" એ વિષય ઉપર ૪૦૦ લીટીનો નિબંધ તા. ૩૧-૧૨-૪૭ સુધીમાં નીચેનાં સ્થળ ઉપર મોકલી આપવા વિજ્ઞપ્તિ કરવામાં આવે છે. સાધુ અને યતિ પણ આમાં ભાગ લઈ શકે છે.

આ નિબંધમાં પ્રથમ આવનારને રૂા. ૧૦૧) અને બીજા નંબરે આવનારને રૂા. ૫૧) નું ઇનામ આપવામાં આવશે.

લી. માનદ મંત્રીઓ.
**આત્માનંદ જૈન સભા.**
૧૭, ધનજી સ્ટ્રીટ, મુંબઇ નં. ૩

## સાભાર-સ્વીકાર.

(૧) **શ્રીતિલકમંજરી**:-શ્રી વિજયનેમિસૂરિ ગ્રન્થમાળા રત્નમ્ ૨૭. પ્રકાશક શ્રી જૈન ગ્રંથ પ્રકાશક સભા. અમદાવાદ. કિં. ૦-૧૨-૦.

(૨) **આત્માની ઉન્નતિનાં ઉપાયો**:-શ્રી હંસસાગરજી મહારાજે આપેલું જાહેર વ્યાખ્યાન. મુંબઇ. પ્રકાશક શા. મોતીચંદ દીપચંદ, તંત્રી શ્રી શાસન સુધાકર-ઠળીયા.

(૩) **શત્રુંજય તીર્થદર્શન**:-પ્રયોજક પુલચંદ હરીચંદ દોશી મહુવાકર. નિયામક, શ્રી યશોવિજયજી જૈન ગુરુકુલ-પાલીતાણા.

(૪) **હિતશિક્ષા છત્રીસી**:-છપાવી પ્રસિદ્ધ કરનાર મોહનલાલ ખોડીદાસ શાહ, શાંતાક્રુઝ (મુંબઇ.) સ્વર્ગવાસી ભાઇ રવીન્દ્રના સ્મરણાર્થે.

(૫) **શ્રી સીમંધરસ્વામીને વિનતિરૂપ સવા સો ગાથાનું સ્તવન**:-લેખક પંડિત જયંતીલાલ જાદવજી. શેઠ રતીલાલ નથુભાઇ તરફથી ભેટ.

(૬) **જૈન ધર્મ દર્શન**-પ્રયોજક મણિલાલ મોહનલાલ ઝવેરી-મુંબઈ.

(૭) **જૈન સિદ્ધાંત** માસિક તથા **પર્યુષણપર્વ વિશેષાંક**:-પ્રકાશક-જૈન સિદ્ધાંત સભા. શાંતિસદન, લેમિંગ્ટન રોડ-મુંબઇ નં. ૭.

(૮) **શ્રી વીરપ્રકાશ**:-શ્રી શીહોર વીશાશ્રીમાળી જૈન યુવક મંડળ તરફથી, અંક ૧ લો.

(૯) **વિજયકેશરસૂરિનાં વચનામૃતો**:- સંગ્રાહક અને પ્રકાશક-પંડિત માવજી દામજી શાહ. મુખ્ય ધર્મ શિક્ષક, બાબુ પન્નાલાલ પૂનમચંદ જૈન હાઈસ્કૂલ-મુંબઈ.

(૧૦) **પ્રભાવિક પુરુષો ભા. ૨ જો.** લેખકઃ-મોહનલાલ દીપચંદ ચોકસી-મુંબઇ. પ્રકાશકઃ-શ્રી આત્માનંદ જૈન સભા-મુંબઇ. મૂલ્ય રૂા. ૩-૦-૦.

(૧૧) **શંખેશ્વર મહાતીર્થ ભા. ૧ લો.** લેખકઃ-શાન્તમૂર્તિ મુનિરાજશ્રી જયન્તવિજયજી. બીજી આવૃત્તિ. શ્રી યશોવિજયજી ગ્રંથમાળા કિં. રૂા. ૧-૬-૦.

(૧૨) **ધન્ય નારી**:-શ્રી લબ્ધિસૂરીશ્વર જૈન ગ્રંથમાળા (૧૯) લેખકઃ-પૂ. પં. શ્રી પ્રવિણવિજયજી ગણિવર, સહાયક પૂ. મુનિ મહારાજશ્રી મહિમાવિજયજીના સદુપદેશથી સુરતનિવાસી બાલુભાઇ પ્રેમચંદ ઝવેરી.

(૧૩) **નરકેશ્વરી** વા **નરકેસરી**:-લેખક-જયભિખ્ખુ પ્રકાશક-ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય-અમદાવાદ.

(૧૪) **તીર્થાધિરાજ શ્રી સિદ્ધગિરિ પંચાશિકા**:-રચયિતા-પૂજ્ય મુનિરાજશ્રી સુશીલવિજયજી મહારાજ. કિં. રૂા. ૦-૮-૦.

(૧૫) **જૈન બાલ ગ્રંથાવલિ**:-શ્રેણી પહેલી:-પ્રકાશક-ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય-અમદાવાદ.

(૧૬) **શ્રી વિજયધર્મસૂરિ શ્લોકાંજલિ**:-રચયિતા-મુનિ ન્યાયવિજયજી, તેનો ગુજરાતી તથા અંગ્રેજી અનુવાદ.

(૧૭) **ધાર્મિક અભ્યાસક્રમ પાઠયપુસ્તક પહેલું**:-સંપાદક-નંદલાલ ચત્રભુજ શાહ ગૃહપતિ, જૈન શ્વે. મૂર્તિપૂજક વિદ્યાર્થી ભવન-કડી.

(૧૮) **શ્રી સિદ્ધાચલ તીર્થ સ્તવનમાલા** (નવ સ્મરણ સહિત):-પ્રકાશકઃ-મેઘરાજ જૈન પુસ્તક ભંડાર. મુંબઇ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## અમારા માનવંતા લાઇફ મેમ્બરોને નમ્ર સૂચના.

અત્યાર સુધીમાં થયેલા લાઇફ મેમ્બરોને શ્રી વસુદેવ હિંડી તથા શ્રી શાંતિનાથ ચરિત્ર ( તૈયાર થવા આવ્યું છે તે તૈયાર થયેથી તરત જ ) બંને ગ્રંથો પ્રથમ વર્ગના લાઇફ મેમ્બરોને ભેટ, બીજા વર્ગના લાઇફ મેમ્બરને ( ધારા પ્રમાણે ) ભેટ મોકલવામાં આવશે માટે. હાલ એમાંથી એકપણ ગ્રંથ ભેટ મંગાવવા તસ્દી લેવી નહિં.

રજીષ્ટર થયેલ પ્રાચીન ભંડારને પણ ભેટ તે વખતે મળશે.

---

## બીજા વર્ગમાંથી પ્રથમ વર્ગ થયેલાં માનવંતા લાઇફ મેમ્બરો.

શ્રી આત્માનંદ પ્રકાશના અશાડ માસના અંકમાં જણાવ્યા પ્રમાણે અમારી નમ્ર સુચનાને માન આપી હાલમાં અપાતાં શ્રી સંઘપતિ રૂા. ૬-૮-૦ તથા શ્રી મહાવીર યુગની મહાદેવીઓ રૂા. ૩-૮-૦ રૂા. ૧૦) દશના બે ગ્રંથો રૂા. ૫૦)ના વધારાના આપી પ્રથમ વર્ગના લાઇફ મેમ્બરો ઘણા બંધુઓ ( આત્મિક અને આર્થિક દૃષ્ટિનો લાભ વિચારી ) ઉત્સાહપૂર્વક થાય છે, તેમને ભેટ આપેલી છે. હવે આ માસમાં બીજા અન્ય ધર્મ બંધુઓ જે નવા બીજા વર્ગમાંથી પ્રથમ વર્ગમાં સભાસદો થયા છે તેના નામો નીચે મુજબ છે.

### બીજા વર્ગમાંથી પ્રથમ વર્ગનાં થયેલા માનવંતા લાઇફ મેમ્બરો.

૧ શ્રી ગોંડલ જૈન પુસ્તક ભંડાર
હા. શેઠ હેમચંદ રતનશી
૨ શાહ કાન્તિલાલ કેશવલાલ
૩ શાહ રાયચંદ મગનલાલ
૪ શાહ કુંવરજી જેઠાભાઇ
૫ શેઠ જીવણભાઇ ગોરધનદાસ
૬ શેઠ પરમાણંદદાસ નરશીદાસ
૭ વકીલ ગુલાબચંદ મૂળચંદ
૮ શેઠ હિરાચંદ મગનલાલ
૯ શાહ માણેકચંદ ગોરધનદાસ
૧૦ શેઠ દીપચંદ જેઠાભાઇ
૧૧ શેઠ વેલચંદ કરશનદાસ
૧૨ શાહ દીપચંદ જીવણલાલ
૧૩ દલાલ છોટાલાલ ચુનીલાલ

## બીજા વર્ગનાં લાઇફ મેમ્બરોને નમ્ર સુચના.

સ્થાનિક તથા બહાર ગામના સભ્ય સાહેબોને જણાવવાનું કે હજી સુધી રૂા. ૫૦) વિશેષ ભરી પ્રથમ વર્ગના લાઇફ મેમ્બર નથી થયા તેઓ પણ વિચાર કરી તેમ કરી શકે માટે આસો વદી ૩૦ સુધી પહેલા વર્ગમાં દાખલ થઇ ભેટનો લાભ મેળવે તેમ ઇચ્છીએ છીએ. કદાચ તે પ્રમાણે ભેટનો વિશેષ લાભ મેળવવા ઇચ્છા ન વધે તો છેવટે ઉપરની મુદત સુધીમાં સભાને પત્ર લખી-શ્રી સંઘપતિ ચરિત્ર કિં. રૂા. ૬ાા તથા શ્રી મહાવીર પ્રભુનાં યુગની મહાદેવીઓ કિં. રૂા. ૩ાા વેળાસર મંગાવી લેવા સૂચના છે. કારણ કે આ બંને ઉપયોગી ગ્રંથો અન્ય જૈન બંધુઓ ઘણા મોટા પ્રમાણમાં મંગાવે છે જેથી આસો વદી ૩૦ પછી તે બંને બુકો સિલિકે રહેવા સંભવ નથી, જેથી તે મુદત પછી આપ આ બુકો ભેટ તરીકે મંગાવવા ઇચ્છા ધરાવતા નથી તેમ ધારી તે સિલિકે નહિં રહે તો પછી સભા આપને આપી શકશે નહિં માટે આપને યોગ્ય લાગે તે રીતે વિચાર કરી વેળાસર મંગાવી લેવા નમ્ર સુચના છે.

## નવા તૈયાર થતાં અપૂર્વ સાહિત્ય પ્રકાશનો.

( અનુવાદો )

૧ કથારત્નકોષ
૨ શ્રી પાર્શ્વનાથ પ્રભુ ચરિત્ર
૩ શ્રી શ્રેયાંસનાથ પ્રભુ ચરિત્ર
૪ મહાસતી દમયંતી ચરિત્ર ( શ્રી ઉપયોગી સીરીઝ તરીકે. )

### યોજનામાં

૫ શ્રી સુમતિનાથ પ્રભુ ચરિત્ર ( શ્રી સોમપ્રભાચાર્યકૃત ) નંબર ૧-૩-૫ માં આર્થિક સહાયની અપેક્ષા છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

Reg. No. B. 431

### ૧ શ્રી વસુદેવહિંડી ગ્રંથ ( શ્રી સંઘદાસ ગણિકૃત ભાષાંતર )

તત્ત્વજ્ઞાન અને બીજી ઘણી બાબતોને પ્રમાણિક ઠરાવવા સાદતરૂપ આ ગ્રંથની સુમારે પાંચમા સૈકામાં શ્રી સંઘદાસગણિ મહારાજે રચના કરેલી છે. મૂળ ગ્રંથનું બહુ જ પ્રયત્નપૂર્વકનું સંશોધનકાર્ય સદ્ગત મુનિરાજ શ્રી ચતુરવિજયજી મહારાજ તથા વિદ્યમાન સાક્ષરવર્ય મુનિરાજ શ્રી પુણ્યવિજયજી મહારાજે કરી જૈન સમાજ ઉપર મહાન ઉપકાર કર્યો છે. ભારતનો ઇતિહાસ તૈયાર કરવા માટે અજોડ અને બહુ જ પ્રાચીન ગ્રંથ છે. દરેક જૈન જૈનેતર સાક્ષર અને સાહિત્યકારની પ્રશંસાને પાત્ર થયેલ આ ગ્રંથ છે. આવા બહુ મૂલ્ય ગ્રંથનું ભાષાંતર વિદ્વાન રા. રા. ભોગીલાલ જ. સાંડેસરા એમ. એ. અમદાવાદવાળા પાસે તૈયાર કરાવેલ છે. ખરેખરી જ્ઞાનભક્તિનું આ ઉત્તમોત્તમ કાર્ય છે. આ ગ્રંથમાં અનેક ઐતિહાસિક સામગ્રી અનેક જાણવા યોગ્ય વિષયો અને કથાઓ આવેલી છે. શુમારે છશેંહ પાનાનો ગ્રંથ કપડાનું પાકું બાઇન્ડીંગ સુંદર સચિત્ર કવર જેકેટ સાથે કિંમત રૂા. ૧૨–૮–૦ પોસ્ટેજ અલગ. પ્ર૦ વ૦ના લાઇફ મેમ્બરોને ભેટ મળશે.

---

### ૨ શ્રી શાંતિનાથ ચરિત્ર—શ્રી અજિતપ્રભસૂરિકૃત.

મૂળ ઉપરથી ગુજરાતી ભાષાંતર સુંદર–સરલ–વિવિધ કલરીંગ સચિત્રો સાથે, ઉંચા કાગળો ઉપર, સુંદર ગુજરાતી ટાઇપમાં છપાય છે ,પાકા બાઇન્ડીંગથી અલંકૃત કરવામાં આવશે. દેવાધિદેવ શ્રી શાંતિનાથ પ્રભુના બાર ભવોનું અપૂર્વ સ્વરૂપ, અનેક બીજી અંતર્ગત કથાઓ, બાર વ્રત અને બીજા વિષયો ઉપરની દેશના, અનુકંપા( જીવદયા )નું અદ્ભૂત, અપૂર્વ, અનુપમ વૃત્તાંત આ ચરિત્રમાં આવેલ છે જે મનન કરવા જેવું છે. ઘણે ભાગે દીવાળી લગભગ પ્રકટ થશે. છપાય છે. રૂા. ૧૦૧) આપી પ્રથમ વર્ગના ભાદરવા વદી ૩૦ સુધીમાં નવા થનારા લાઇફ મેમ્બરોને આ ભેટનો લાભ મળશે.

---

## " નૂતન સાહિત્ય પ્રકાશન "

### ૧ શ્રી પાર્શ્વનાથ પ્રભુ ચરિત્ર.

શ્રીમાન્ દેવભદ્રાચાર્યકૃત ૧૧૦૦૦ હજાર શ્લોક પ્રમાણ, પ્રાકૃત ભાષામાં બારમા સૈકામાં રચેલો તેનું ભાષાંતર છપાય છે. આ ચરિત્ર ગ્રંથકર્તા આચાર્ય મહારાજની વિદ્વત્તાપૂર્ણ સુંદર, અનુપમ, અલૌકિક રચના છે. આટલો મ્હોટો શ્રી પાર્શ્વનાથ ચરિત્ર ગ્રંથ બીજો નથી. તેમ આવી મહત્વપૂર્ણ ચરિત્ર રચના ભાગ્યેજ બીજા ગ્રંથમાં હશે. પ્રભુના ભવોના વિસ્તૃત વર્ણન સાથે, પ્રભુના દશ ગણધરોના પૂર્વભવોના ચરિત્રો સાથે આપવામાં આવેલ છે. સાથે અનેક અંતર્ગત કથાઓ અને ઘણા જાણવા યોગ્ય વિવિધ વિષયો પણ આવેલાં છે. ગ્રંથ છપાય છે. આ એક અપૂર્વ કૃતિ છે. ૬૫ ફોર્મ સાડા પાંચસેંહ પૃષ્ઠ, અને આકર્ષક રંગીન ચિત્રો, મજબુત બાઇન્ડીંગવડે ગુજરાતી સારા અક્ષરોથી છપાય છે. આર્થિક સહાય શેઠશ્રી ચંદુલાલ ટી. શાહ ( ડેપ્યુટી મેનેજર, ક્રાઉન લાઇફ કંપની ) તરફથી પોતાના પૂજ્ય સ્વર્ગવાસી પિતા શ્રીયુત ત્રિભુવનદાસ મંગલજી શાહના સ્મરણાર્થે સભાને મળેલી છે.

---

**૨ શ્રી કથારત્નકોષ ગ્રંથ**—શ્રીમાન્ દેવભદ્રાચાર્ય મહારાજે ( સંવત ૧૧૫૮ માં પ્રાકૃત ભાષામાં રચેલો છે. જેમાં સમ્યક્ત્વ આદિ તેત્રીશ સામાન્ય ગુણો અને પાંચ અણુવ્રત આદિ વિશેષ ગુણોને લગતી ૫૦ વિષયો સાથે તેની મૌલિક, સુંદર પઠનપાઠન કરવા જેવી કથાઓ વાચકોની રસવૃત્તિ આખો ગ્રંથ વાંચતા નિરસ ન કરે તેવી સુંદર રચના આચાર્ય મહારાજે કરી છે. આ ગ્રંથમાં આવેલ ગુણોનું સ્વરૂપ, તેનું વિવેચન, તેને લગતા ગુણદોષો, લાભ–હાનિનું નિરૂપણ આચાર્ય મહારાજે એવી સુંદર પદ્ધતિ, સંકલનાથી કર્યું છે કે જેથી આ ગ્રંથની અનુપમ, અમૂલ્ય અપૂર્વ રચના બનેલ હોવાથી તે અપૂર્વ સાહિત્ય ગ્રંથ ગણાય છે. આ સુંદર ગ્રંથ મૂળ અમોએ પ્રસિદ્ધ કર્યો છે, જેની મૂળની કિંમત રૂા. ૮–૮–૦ છે. જેનું આ સરલ શુદ્ધ ભાષાંતર પણ સાક્ષરવર્ય મુનિરાજ શ્રીપુણ્યવિજયજી મહારાજની દેખરેખ નીચે થયેલ છે. તે ગ્રંથના પાના શુમારે પાંચસેંહ ઉપરાંત થશે.

મુદ્રક: શાહ ગુલાબચંદ લલ્લુભાઇ : શ્રી મહોદય પ્રિન્ટિંગ પ્રેસ : દાણાપીઠ–ભાવનગર.

For Private And Personal Use Only